www.vavaddaily.com

51 YEARS ANNIVERSARY

E-mail : vavaddaily@gmail.com

કચ્છીઓનું કચ્છ માટે પ્રગટ થતું પોતાનું દૈનિક

# વાવડ

RNI No. 27550/74 BHUJ

તંત્રી : રામ કરશનદાસ ઠક્કર ♦ કાર્યકારી તંત્રી : દર્શનકુમાર આર. ઠક્કર

## વચનામૃત



ભગવાનના ભક્તને વિષે પણ મનુષ્યભાવ ન પરઠવો, કાં જે, દેહે કરીને તો ભગવાનના ભક્તમાં કોઇક આંધળો હોય, લૂલો હોય, કોઢિયો હોય, બહેરો હોય, વૃદ્ધ હોય, કુરૂપ હોય, અને તે જ્યારે દેહ મુકે છે ત્યારે શું ભગવાનના ધામમાં એવા આંધળા લૂલા જ રહે છે? નથી રહેતા, એ તો સર્વ મનુષ્યપણાના ભાવ છે તેને મુકીને દિવ્યરૂપ થાય છે, બ્રહ્મરૂપ થાય છે. માટે હરિના ભક્તને વિષે મનુષ્ય ભાવ ન પરઠાય તો પરમેશ્વરને વિષે કેમ પરઠાય ? (લો. ॥૧૮॥ ૧૨૯)

 Retail price Rs. 0.60, Annual subscription Rs. 150, Year : 51, Mo. 98797 65225, Reg. NO. G-KCH-018/2024/26 શનિવાર SATURDAY 21-12-2024 Issue 65

Printer, Publisher & Owned by RAM KARSHANDAS THACKER, Printed at : JAHNAVI Offset, 105/B, Lotus colony, BHUJ-KUTCH 370001. Publish at : VAVAD, 'AKSHARDHAM' 104/A, Lotus colony, BHUJ-KUTCH, Editor : RAM KARSHANDAS THACKER ,PRB એક્ટ હેઠળ પ્રકાશન માટે જવાબદાર



તંત્રી સ્થાનેથી... સાવધાન

# બાંગ્લાદેશ લાતોનું ભૂત છે, વાતોથી નહીં સમજે

@ રામ કરશનદાસ ઠક્કર

બાંગ્લાદેશમાં શેખ હસીના સરકારના તખ્તાપલટ પછી ત્યાં હજી પણ સ્થિરતા સ્થાપાયી નથી. લઘુમતી, ખાસ કરીને હિન્દૂઓ પર અત્યાચાર કરવાથી એ દેશના કટ્ટરપંથીઓ જરા પણ પીછેહઠ કરી રહ્યા નથી. શેખ હસીનાએ દબાવી રાખેલો તેમનો સાંપ્રદાયીક જુસ્સો વધુ વિસ્ફોટક બનીને સામે આવી રહ્યો છે. આ લોકો ભારતની મહેરબાનીથી સ્વતંત્ર થયા છે, પણ આજે તેઓ ભારતની એ ભલાઇ ભૂલી જઇને નગુણા સાબિત થઇ રહ્યા છે. ભારતીય સેનાએ પાકિસ્તાનને તોડી પાડ્યું અને શેખ મુઝીબુર રહેમાનને સત્તા સોંપીને એક નવા દેશનું સર્જન કર્યું ત્યારે જ આપણા દેશમાં એક વર્ગ હતો, જે માનતો હતો કે સ્વ. ઈન્દિરા ગાંધી સાપને દૂધ પાઇને ઉછેરી રહ્યા છે. શેખ તેમની આવરદા સુધી જ રહેવાના હતા, એ પછી તો આ વિસ્તાર કટ્ટરપંથીઓથી ભરેલો જ છે. તે પોતાનું પોત પ્રકાશ્યા વિના નહીં રહે. આજે તેમ જ થઇ રહ્યું છે. શેખ પછી તેમના પૂત્રી ભારતના અહેસાનમંદ રહ્યા તો તેમને પણ આ કટ્ટરપંથીઓ ભરખી જવા તૈયાર થઇ ગયા. શેખ મુઝીબુર રહેમાનની હત્યા થઇ ગઇ અને હસીનાની પાછળ મોત ભમી રહ્યું છે. તેઓ ભારત ભાગી આવ્યા નહોત તો, તેમને પણ આ કટ્ટરપંથીઓ ભરખી જાત. તેઓ એમના હાથમાં આવે તો તેમની હત્યા થઇ જઇ શકે છે. હસીનાનો જો કંઇ વાંક હોય તો તે તેમની ભારત સાથેની મૈત્રિ અને હિન્દૂઓ પ્રત્યેની હમદર્દી છે. હસીના હાથમાં આવતા નથી, તો કટ્ટરપંથીઓ બમણા જોશથી હિન્દૂઓ પર જુલ્મ ગુજારી રહ્યા છે. તેમના પર, તેમના મંદિરો પર સતત હુમલાઓ થઈ રહ્યા છે. મહિલાઓની આબરૂ લૂટાઇ રહી છે.

તે દરમિયાન બીજી તરફ બાંગ્લાદેશની વચગાળાની સરકારના સલાહકાર મહફૂઝ આલમે ભારત વિરોધી ટિપ્પણી કરીને બતાવી આપ્યું છે કે બાંગ્લાદેશની વચ્ચગાળાની ગેરકાયદે સરકારના મનમાં ભારત વિરોધી ઝેર ઠાંસી ઠાંસીને ભર્યું છે. જેના પર આપણા વિદેશ મંત્રાલયે સખત વિરોધ વ્યક્ત કર્યો છે.

બાંગ્લાદેશની વચગાળાની સરકારના સલાહકારોમાંના એક મહફૂઝ આલમની ફેસબુક પોસ્ટ પર હોબાળો મચી ગયો છે. તેમણે પશ્ચિમ બંગાળ, આસામ અને ત્રિપુરાને બાંગ્લાદેશનો ભાગ ગણાવ્યો હતો. જોકે બાદમાં તેણે પોસ્ટ ડિલીટ કરી દીધી હતી. એકવાર ઝેર ઓકીને પોસ્ટ ડિલીટ કરી તેનો અર્થ તો એ જ થાય કે તેમણે પોતાની મેલી મનોવૃતિ છતી કરી દીધી છે. તેમને કહેવાનું હતું તે તેમણે કહી દીધું છે. ભારતના વિસ્તારો પર તેમની મેલી નજર છે તે તેમણે બતાવી દીધું છે. તે સાથે એ વાતની નોંધ લેવી જોઇએ કે આવી બેહુદી પોસ્ટ મૂકીને પાછી તો ખેંચી છે, પણ તે દેશના કોઇ સત્તાવાર પ્રવક્તાએ આ હરકત બદલ માફી નથી માંગી. તેનો અર્થ એ જ થઇ શકે કે, આ યુનુસ અને તેના સલાહકારની આ સાંગામલમારી હતી.

બાંગ્લાદેશની આ હરકતનો ભારતે ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો છે. પણ અમને લાગે છે કે આ પુરતું નથી. પાકિસ્તાનની જેમ બાંગ્લાદેશ પણ લાતોનું ભૂત છે. તે વાતોની ભાષા સમજશે નહીં. પાકિસ્તાન પર એરસ્ટ્રાઇક કરવામાં આવી, તે પછી જ તેની શાન પ્રમાણમાં ઠેકાણે આવી છે. જો કે અંદરખાને તો તે પણ ભારતને સળી કરવાનો લાગ શોધી રહ્યું છે. બાંગ્લાદેશમાં જે કંઇ બન્યું છે અને બની રહ્યું છે, તેની પાછળ દોરીસંચાર કરનારાઓમાં પાકિસ્તાન મુખ્યરૂપે છે. બાંગ્લાદેશ પણ તેની જેમ લાતોની ભાષા સમજતું હોય તો ભારતે હવે તેની સામે શસ્ત્રો ઉપાડતા પણ અચકાવું જોઇએ નહીં. જો ભારત સરકાર આવું કોઇ પગલું ભરે છે તો તેને ઇંદિરા સરકારની જેમ અધૂરૂં નહીં મૂકતાં, તેને ભારતની છત્રછાયામાં મર્યાદિત સ્વાયતતા આપવી જોઇએ. છેવટે એ શું અને પાકિસ્તાન શું, ભારતના જ ભાન ભૂલેલા-છૂટા પડેલા વિસ્તારો છે. વિદેશી આક્રાંતાઓ આ ભૂભાગ માથે રાખીને પોતાની સાથે લઇ નહોતા આવ્યા.

મહફૂઝે ફેસબુક પોસ્ટમાં દાવો કર્યો હતો કે 'તેનું સપનું આખા બંગાળ માટે છે. ભારત અને પાકિસ્તાનની રાજનીતિને કારણે બંગાળના ટુકડા થયા છે.' તો તેમનુ સપનું ભારતે જ સાકાર કરવા મદદ કરવી જોઇએ. બાંગ્લાદેશ નામના કલ્પિત દેશને નકશા પરથી ભૂંસીને તેને ભારતીય બંગાળ સાથે જોડી દઇ પણ શકાય છે. કટ્ટરપંથીઓની બહુમતીને ટાળવાના યોગ્ય ઉપાય જો કે લેવા પડે. સો વાતની એક વાત કે આ લાતોના ભૂત વાતોથી સમજવાના નથી. એની દવા કરવા મોદી સમર્થ છે. યાદ રહે, મહફૂઝ મંત્રી નથી, પરંતુ તેઓ બાંગ્લાદેશના પ્રભાવશાળી લોકોમાંના એક છે. એટલે તેમના વિચારોને અનદેખા કરી શકાય નહીં. તેમની સામે માત્ર સપ્ત વિરોધ નોંધાવવાનો કોઇ મતલબ નથી. મહફૂઝે ફેસબુક પોસ્ટમાં દાવો કર્યો હતો કે 'તેનું સપનું આખા બંગાળ માટે છે. ભારત અને પાકિસ્તાનની રાજનીતિને કારણે બંગાળના ટુકડા થયા છે.' ભારત અને પાકિસ્તાનની જે રાજનીતિની તે વાત કરી રહ્યા છે તે ઘણી જુની થઇ ગઇ છે. તે દરમિયાન ગંગા અને સિંધુમાં ઘણા પાણી વહી ગયા છે. ત્યારે ભારતમાં પંડિત નહેરૂની રાજનીતિ ચાલતી હતી, જ્યારે આજે નરેન્દ્ર મોદીની રાજનીતિ ચાલે છે. બન્નેમાં ઘણો ફરક છે. જો બાંગ્લાદેશને સબક શીખવાડાવામાં આવશે તો ભારતમાં પણ આજકાલ ઉંચાનીચા થઇ રહેલા કેટલાક કટ્ટરપંથીઓની શાન પણ આપોઆપ ઠેકાણે આવી જશે. આ દેશદ્રોહીઓ અન્ય લોકોને ખોટી ચડવણી કરીને બગાડવાની સતત કોશિશ કરી રહ્યા છે. તેમના સ્થાનિક રાજકીય ખિલ્લા તો આમે ય ઢીલા પડી રહ્યા છે. હવે તેમના પ્રેરણાશ્રોત પાકિસ્તાન અને બાંગ્લાદેશના ખિલ્લા પર જ તેમને કૂદવાનું છે. આ ખિલ્લા પણ ઢીલા કરવાની જરૂર છે.

# બજેટ પુર્વે જ આડકતરા વેરામાં ફેરફારની મોટી કવાયત હાથ ધરાશે

## ફોર્ટીફાઇડ ચોખા, ગીફ્ટ કાર્ડ પરનો જીએસટી ઘટશે : વ્યાપારી વાહનો મોંઘા થશે

નવી દિલ્હી, તા.૨૧

દેશમાં હવે ચુંટણીના વાતાવરણમાંથી કામચલાવ મુક્તિ અને સંસદનાં શિયાળુ સત્રની સમાપ્તી બાદ હવે શરૂ થયેલી બજેટ તૈયારીઓ વચ્ચે આજે મળનારી જીએસટી કાઉન્સીલની બેઠકમાં અનેક ઉત્પાદનો અને સેવાઓ પરના જીએસટી દરોમાં ફેરફાર થવાની શકયતા છે.

જો કે અગાઉ જે રીતે અલ્ટ્રા લકઝરી ચીજો પર ૩૫%નો નવો જીએસટી દર લાદવાની દરખાસ્ત હતી તેના પર કાઉન્સીલ આગળ વધે છે કે કેમ તેના પર નજર છે તો તેઓ સિનેમાઘરો કે મનોરંજન સ્થળો પર પોપકોર્ન ખાવ છો તેમાં સાદા હોય કે ફલેવર્ડ બન્ને પોપકોર્ન મોંઘા થઈ શકે છે.

આ બેઠકમાં નાણામંત્રી સમક્ષ અનેક એજન્ડા છે અને ખાસ કરીને જે રીતે ફુગાવો ઉંચો છે તે ચિંતા છે. પરંતુ મહત્વનું એ છે કે સરકારની નજર હવે સેકન્ડહેન્ડ, યુઝડ, પ્રી-ઓન તેવી કાર અને ઈલેકટ્રીકલ વ્હીકલ કે જેમાં ૧૫૦૦ સી.સી. સુધીની ક્ષમતા હોય તેના પરનો ટેકસ ૧૨% માંથી ઘટાડીને ૫% કરવા દરખાસ્ત છે. જયારે ૧૫૦૦ સી.સી.થી વધારે પરની આ પ્રકારની કાર કે જે ઈલેકટ્રીક વ્હીકલ પર ૧૮% જીએસટી કરવા દરખાસ્ત છે.

આ ઉપરાંત કંપનીઓ ખાસ કરીને રીટેલ ક્ષેત્રને ગીફટ વૌચર આપે છે તેને જીએસટીમાંથી મુક્તિ અપાઈ શકે છે. આ ગીફટ વૌચર જીએસટી ગુડસની ખરીદીમાં ઉપયોગી હોવાથી તેમાં આ નિર્ણય લઈ શકાય છે. આ ઉપરાંત લાંબા સમયથી ચર્ચામાં છે તે જીવનવીમા જેમાં વ્યક્તિગત એક મર્યાદા સુધીની વિમા પોલીસી રકમ પરનો જીએસટી દુર કરવાની દરખાસ્ત છે.

સેકન્ડ હેન્ડ યુઝડ કાર પર હાલ ૧૨% જીએસટી છે તે ૧૮% કરવાની પણ દરખાસ્ત છે તો ફુડ ડિલીવરી એપ.ને ૧૮% જીએસટી લાગુ થાય છે અને તે ઈનપુટ ટેક્ષ ક્રેડીટ પણ મેળવે છે તેના બદલે ૫%નો ટેક્ષ અને ઈનપુટ ટેક્ષ ક્રેડીટનો લાભ પરત ખેચી લેવાય તેવી ધારણા છે. નાણામંત્રી નિર્મલા સીતારામન આ બેઠક માટે આજે જેસલમેર પહોચી ગયા હતા. ગીફટ કાર્ડને પ્રી-પેઈડ ઈન્સ્ટ્રૂમેન્ટની વ્યાખ્યામાં મુકી તેને જીએસટીમાં રાહત આપવાની દરખાસ્ત છે. આ વૌચર અંગે લાંબા સમયથી તેની વ્યાખ્યાનો વિવાદ છે તેને ગુડસ સપ્લાય તરીકે ગણવામાં આવે છે પણ હાલમાં જ કર્ણાટકમાં જીએસટી અંગે એડવાન્સ રૂલીંગ ઓથોરીટીએ આપેલો ચુકાદો જેમાં વૌચરને ગુડસ તરીકે ગણી ટેક્ષ ને યોગ્ય ગણાવ્યો પછી સરકાર પર દબાણ વધ્યુ છે. વિમા પ્રિમીયમમાં જીવન વીમા પોલીસી પરનું પ્રીમીયમ સસ્તુ કરવા ભારે દબાણ છે.

ખાસ કરીને ૧૮%નો હાલનો ટેક્ષ વધુ પડતો હોવાનો દાવો છે. હવે સરકાર આ લાભ ફકત સીનીયર સીટીઝનને આપે છે કે કેમ તેના પર નજર છે. સરકાર સામે આ ઉપરાંત રેડી-ટુ-ઈટ પોપકોર્ન પર ૫% અને તેમાં ફોરવર્ડ અને પ્રી-પેક હોય તો ૧૨% જીએસટીની દરખાસ્ત છે. આ ઉપરાંત વિટામીન-મીનરલ ઉમેરેલા ચોખા પરનો જીએસટી દર જે છુટક વેચાય છે તેના પર આ વેરા દર શૂન્ય કરવા અને પ્રી-પેક પર ૫% કરવા ભલામણ છે.

આ ઉપરાંત પેટ્રોલિયમ પેદાશોને જીએસટી હેઠળ લાવવાનું તો ભુલાવી જ દેવામાં આવ્યું છે પણ વિમાની ઈંધણ જેમાં ૧૧% સેન્ટ્રલ એકસાઈઝ અને રાજ્યોને અલગ અલગ વેટ લાગે છે તે ૧થી૫% સાથે અનેક રાજ્યોમાં ૩૦% છે તેમાં કોઈ સમાનતા લાવવાનો મુદો પણ કમીટી સમક્ષ છે. કેન્દ્રને વર્ષે રૂા.૨૦૦૦ કરોડની આવક આ એકસાઈઝ પરથી જોઈ છે. આ ઉપરાંત યુટીલીટી વ્હીકલ પર જેના પર ૨૨% સેસ વસુલવા દરખાસ્ત છે જેના કારણે ૧૫૦૦ સી.સી.થી વધારેના વ્યાપારી વાહનો મોંઘા થશે. હાલ આ ટેકસ એસયુવી અને લકઝરી કાર પર છે આ ઉપરાંત લાંબા અંતરના મિસાઈલ નિર્માણના પ્રોગ્રામમાં પાયાની સ્પેરને જીએસટી મુક્તિ આપવામાં આવે તેવી ધારણા છે. સરકાર ૧૪૮ અલ્ટ્રા લકઝરી આઈટમ પર ૩૫% જીએસટી લાદે તેના પર ચર્ચા જરૂર થશે.

# સબસીડીવાળી સસ્તી ભારત દાળ પણ હવે ઓનલાઈન ઉપલબ્ધ થશે

નવી દિલ્હી,તા.૨૧

ભારત દાળ યોજના અંતર્ગત લોકો ટુંક સમયમાં જ ઓનલાઈન માધ્યમથી સબસીડીવાળી દાળ ખરીદી શકશે. ગ્રાહક મામલાનાં મંત્રાલય મોટી ઈ-કોમર્સ કંપનીઓને આ યોજના અંતર્ગત સસ્તી દાળોનું વેચાણ પોતાના પ્લેટફોર્મ પર શરૂ કરવાનો આદેશ દઈ શકે છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ઓનલાઈન ગ્રોસરી મંચ એમેઝોન, ફિલપકાર્ટ અને સ્વીગી પર સબસીડીવાળી દાળો ટુંક સમયમાં ઉપલબ્ધ થઈ શકે છે. આ ઉપરાંત અન્ય ઈ-કોમર્સ મંચ બિગ બાસ્કેટ, બ્લિંકીટ જેપ્ટો અને જિયો માર્ટને પણ તેમાં સામેલ કરવામાં આવે છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે બધી ઈ-કોમર્સ કંપનીઓએ યોજનામાં ભાગ લેવો પડશે. જેથી શહેરી અને અર્ધ શહેરી ક્ષેત્રોને તેનો લાભ મળી શકે.

# હવે બાંગ્લાદેશે ભારત પાસે ૫૦૦૦૦ ટન ચોખાની 'ભીખ' માંગી

નવી દિલ્હી, તા.૨૧

બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓની કત્લેઆમ અને અત્યાચાર વચ્ચે હવે આ દેશના કાર્યકારી વડા મોહમ્મદ યુનુસ સરકારે ભારત પાસે તાત્કાલીક રાહત દરે ૫૦૦૦૦ ટન ચોખા માંગ્યા છે.

મોદી સરકારને લખેલા એક પત્રમાં યુનુસ સરકારે સ્વીકાર્યુ કે તેના દેશમાં ચોખાની તંગી છે. ભાવ વધી ગયા છે અને સરકાર પાસે પણ બફર સ્ટોક પુરતો નથી. હાલ બાંગ્લાદેશને ૪૫૬.૬૭ ડોલર પ્રતિ ટનના ભાવે ચોખાની નિકાસ કરવામાં આવે છે પણ યુનુસ સરકારે તેમાં પણ રાહત માંગી છે.

બાંગ્લાદેશમાં અનાજની તંગી છે. ભાવ વધ્યા છે અને તેથી વચગાળાની સરકારને લોકો બળવો કરશે તેવો ભય છે. પાકની જેમ આ દેશ પણ હવે ભીખારી જેવો બનવા લાગ્યો છે.

# પુતિન ફરી વિફર્યા : યુક્રેન પર પાંચ બેલેસ્ટીક મિસાઈલ ઝીંકીને ભીષણ હુમલો : ભારે તારાજી



કીવ, તા.૨૧

યુક્રેન સાથેનું યુદ્ધ રોકવાની સંમતિના સંકેતો વચ્ચે રશિયાએ ફરી વખત ભીષણ હુમલો કર્યો હતો અને તેમાં અનેક દુતાવાસોને નુકશાન થયુ હતું એક વ્યકિતનું મોત પણ થયુ હતું.

યુક્રેન તરફથી અમેરીકી મિસાઈલનો ઉપયોગ કરવામાં આવતાં વિફરેલા રશિયાએ યુક્રેનનાં કીવ પર પાંચ બેલેસ્ટીક મિસાઈલ ઝીંકી હતી. યુક્રેની સંરક્ષણ પ્રણાલીએ તમામને હવામાં જ નષ્ટ કરી દીધી હોવા છતાં પ્રચંડ ધડાકાઓથી શહેર હચમચી ગયુ હતુ.

રશિયાએ કીવમાં સૈન્ય સ્થાનોને નિશાન બનાવીને પણ અન્ય હુમલા કર્યા હતા. તેમાં એક વ્યકિતનું મોત નીપજયુ હતું. અને અન્ય ૧૨ લોકો ઘાયલ થયા હતા. એટલુ જ નહિં અનેક દુતાવાસોને પણ નુકશાન થયુ હતુ.

યુક્રેની સૈન્ય દ્વારા એવો દાવો કરવામાં આવ્યો હતો કે વાયુદળે ૪૦ માનવરહીત વિમાનો ફૂંકી માર્યા હતા.૨૦ ડ્રોન પણ ટારગેટ સિધ્ધ કરવામાં સફળ રહ્યા ન હતા. જોકે તેમાં કાળમાળ નીચે પડતા અનેક લોકો ઘાયલ થયા હતા.

યુક્રેનનાં દાવા પ્રમાણે રશિયાએ ટુંકા અંતરની પાંચ ઈસ્કદર મિસાઈલો ઝીંકી હતી તે પછી ૬૩૦ મકાનો, ૧૬ હોસ્પીટલ, ૩૦ સ્કુલમાં હીટીંગ વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. આ સિવાય અનેક ક્ષેત્રોમાં ઈન્ફ્રાસ્ટ્રકચરને નુકશાન થયુ હતું. ઈમારતો, માર્ગ તથા ગેસ પાઈપલાઈનને નુકશાન થયુ હતું. ઈમારતમાં આગ પણ લાગી હતી. યુક્રેનનાં વિદેશ મંત્રાલયે કહ્યું કે અલ્બેનીયા, આર્જેન્ટીના, ફીલીસ્ટીન પોર્ટુગલ જેવા અનેક દેશોનાં રાજદુતોને પણ નુકશાન થયુ હતું. બારી-દરવાજા તૂટી ગયા હતા.

૨૦૨૪ ની વિદાયના આખરી દિવસોમાં જ ઈન્વેસ્ટરોને પ્રચંડ ઝટકો

# શેરબજારમાં ૩૦ મહિનાનો સૌથી મોટો અઠવાડિક કડાકો : ૧૮.૪૩ લાખ કરોડ ડુબ્યા

મુંબઈ,તા.૨૧

શેરબજાર મંદીનાં અજગર ભરડામાં સપડાયુ હોય તેમ સપ્તાહના પાંચેય દિવસ જોરદાર મંદી રહી હતી. સેન્સેકસમાં ૪૦૦૦ પોઈન્ટથી વધુનો કડાકો સર્જાવા સાથે ઈન્વેસ્ટરોના ૧૮.૪૩ લાખ કરોડ ડુબી ગયા હતા. જુન ૨૦૨૨ પછીનો આ સૌથી મોટો અઠવાડીક ઘટાડો બની રહ્યો છે.



શેરબજાર માટે આખુ સપ્તાહ મંદીનું પુરવાર થયુ હતું અનેક કારણોએ ભાગ ભજવ્યો હતો અમેરિકી વ્યાજદર સબંધી નિર્ણયથી વિશ્વભરનાં શેરબજારોમાં ગભરાટ સર્જાયો હતો અને તેમાંથી ભારત પણ બચી શકયુ ન હતું. અમેરિકાએ વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કર્યો તે અપેક્ષિત હતો.

પરંતુ નવા વર્ષ ૨૦૨૫ માં ૪ ને બદલે માત્ર બે વખત જ વ્યાજ ઘટાડવાનો વરતારો જાહેર કરતાં તેનાથી માનસ ખરડાયું હતું. આ સિવાય વિદેશી નાણા સંસ્થાઓની કરોડો રૂપિયાની વેચવાલી વિશ્વના જુદા જુદા ક્ષેત્રોમાં ભૌગોલીક ટેન્શન જેવા કારણો અસરકર્તા સાબીત થયા હતા.

જાણીતા શેરબ્રોકરો એમ જણાવી રહ્યા છે કે સેન્સેકસ-નિફટી વિશે ચાર્ટ બેઈઝડ અનુમાનો પણ ઉંધા પડવા લાગતા બ્રોકરો-આર્ટીસ્ટો પણ ગડમથલમાં મુકાયા છે. એવુ અનુમાન વ્યકત થતુ હતું કે નિફટી ૨૩૮૦૦ થી નીચે નહિં જાય. પરંતુ ગઈકાલે ૨૪૬૦૦ સુધી નીચે ઉતરી ગયો હતો.

સપ્તાહની સળંગ મંદીમાં સેન્સેકસમાં સરેરાશ પાંચ ટકા અર્થાત ૪૦૦૦ પોઈન્ટથી વધુનો ઘટાડો નોંધાયો હતો. જુન ૨૦૨૨ પછી અર્થાત ૩૦ મહિનાનો આ સૌથી મોટો ઘટાડો રહ્યો હતો. આ પાંચ દિવસ દરમ્યાન ઈન્વેસ્ટરોની સંપતિમાં ૧૮.૪૩ લાખ કરોડનું નુકશાન થયુ હતું.

બીએસઈમાં લીસ્ટેડ તમામ કંપનીઓનું કુલ માર્કેટ કેપીટલાઈઝેશન ઘટીને ૪૪૧.૧૧ લાખ કરોડ રહી ગયુ હતું. ગઈકાલે એક જ દિવસમાં માર્કેટ કેપમાં ૮.૬૫ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો.

રીયાલીટી ઈન્ડેકસ ૩.૮૪ ટકા બેંક ઈન્ડેકસ ૨.૫૮ ટકા, આઈટી ૨.૪૨ ટકા, ઓટો ૨.૨૭ ટકા, ઉર્જા ઈન્ડેકસ ૩.૫૫ ટકા તૂટયા હતા. તેના પરથી જ સાર્વત્રિક મંદીને પુરાવો મળી જતો હતો છેલ્લા પાંચ દિવસમાં સેન્સેકસમાં ૪૦૯૨ પોઈન્ટનો ઘટાહો નોંધાયો હતો.

# ગુજરાતની હાઈકોર્ટમાં ૧,૭૦,૯૬૩ કેસ પડતર

## જિલ્લા અને નીચલી અદાલતોમાં પેન્ડીંગ કેસની કુલ સંખ્યા ૧૬,૯૦,૬૪૩

અમદાવાદ, તા.૨૧

અત્યારે ગુજરાત હાઈકોર્ટમાં ૧,૭૦,૯૬૩ જેટલા કેસ પડતર છે, જ્યારે રાજ્યની જિલ્લા તથા નીચલી અદાલતોમાં ૧૬,૯૦,૬૪૩ કેસ પડતર છે. રાજ્યસભાના સાંસદ શ્રી પરિમલ નથવાણીએ પૂછેલા એક પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય કાયદા અને ન્યાય (સ્વતંત્ર હવાલો) તેમજ સંસદીય બાબતોના રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલે ૧૯ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ રાજ્યસભાને આ માહિતી પૂરી પાડી હતી.

ગૃહમાં રજૂ કરાયેલા મંત્રીના નિવેદન મુજબ, હાલ ભારતની સુપ્રીમ કોર્ટમાં કુલ ૮૨,૬૪૦ કેસ પડતર છે, જ્યારે દેશની વિવિધ હાઈકોર્ટમાં કુલ ૬૧,૮૦,૮૭૮ કેસ પડતર છે અને દેશની જુદી-જુદી જિલ્લા તથા નીચલી અદાલતોમાં કુલ મળીને ૪,૬૨,૩૪,૬૪૬ કેસ હાલની તારીખે પડતર છે.

મંત્રીશ્રીના નિવેદન અનુસાર, ગુજરાત હાઈકોર્ટમાં જજની કુલ મંજૂર કરાયેલી ૫૨માંથી ૨૦ જગ્યા ખાલી પડી છે. જ્યારે ગુજરાતની જિલ્લા તથા નીચલી અદાલતોમાં જજની કુલ મંજૂર કરાયેલી ૧૭૨૦માંથી ૫૩૫ જગ્યા ખાલી પડી છે.

દેશની વિવિધ હાઈકોર્ટમાં જજની કુલ ૧૧૨૨ જગ્યા મંજૂર કરાયેલી છે, જેમાંથી ૩૬૮ જગ્યા આજે પણ ખાલી છે.

જયારે આજની પરિસ્થિતિમાં દેશની વિવિધ જિલ્લા અને નીચલી અદાલતોમાં કુલ ૨૫૭૪૧ જજની સંખ્યા મંજૂર કરાયેલી છે જેની સામે ૫૨૬૨ જગ્યા હજી ખાલી છે, તેવો મંત્રીએ ઉલ્લેખ કર્યો હતો. તેમના નિવેદન મુજબ, ભારતની સુપ્રીમ કોર્ટમાં જજની મંજૂર કરાયેલી કુલ ૩૪માંથી ફક્ત એક જ જજની જગ્યા ખાલી છે.

નથવાણી સર્વોચ્ચ અદાલત તેમજ દેશની વિવિધ હાઈકોર્ટ અને જિલ્લા તથા નીચલી અદાલતોમાં જજની ખાલી પડેલી સંખ્યા ઉપરાંત ભારતની સુપ્રીમ કોર્ટમાં તેમજ વિવિધ હાઈકોર્ટ અને નીચલી અદાલતોમાં હાલ પડતર રહેલા કેસની સંખ્યા વિશે જાણવા ઈચ્છતા હતા.

# અમદાવાદના સાબરમતી વિસ્તારમાં પાર્સલમાં બ્લાસ્ટ, બે જણા થયા ઘાયલ

અમદાવાદ, તા.૨૧

અમદાવાદના સાબરમતી વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. સાબરમતી એરિયામાં આવેલા શિવમ રો હાઉસ ખાતે એક પાર્સલમાં બ્લાસ્ટની ઘટના બનતાં બે લોકો ઈજાગ્રસ્ત થયા છે. પાર્સલમાં રહેલી બેટરીમાં બ્લાસ્ટ થતાં ડિલિવરી બોય અને પાર્સલ રિસીવ કરનાર વ્યક્તિ ઘાયલ થયા હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે.

પાર્સલ કરતી વખતે અચાનક ધડાકાભેર બેટરી ફાટતાં મોટો બ્લાસ્ટ થયો હતો. જેના લીધે આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા. બેટરી બ્લાસ્ટના સમાચાર આસપાસના વિસ્તારમાં વાયુવેગે પ્રસરી જતાં આસપાસના વિસ્તારમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો અને દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો છે અને બ્લાસ્ટ અંગે વધુ તપાસ હાથ ધરી છે.



પોલીસે અલગ અલગ ટીમો બનાવીને તપાસ હાથ ધરી છે. ઘટનાને પગલે અમદાવાદ શહેરની પોલીસ દોડતી થઈ ગઈ છે અને તપાસ આખરે આ બ્લાસ્ટ કેવી રીતે થયો. આ બ્લાસ્ટ કયા સંજોગોમાં થયો છે. આ કોઈ અંગત અદાવતમાં બ્લાસ્ટ કરવામાં આવ્યો છે કે પછી અકસ્માતે બ્લાસ્ટ સર્જાયો છે.

# સમસ્ત જૈન સમાજ માધાપર દ્વારા કાર્યક્રમ તા.૨૨ના વિવિધ કાર્યક્રમોનું આયોજન

## અભિવ્યક્તિ સ્નેહમિલન, શિક્ષણ સન્માન, અને સાંસ્કૃતિક યોજાશે

ભુજ, તા.૨૧

સમસ્ત જૈન સમાજ માધાપર આયોજિત અભીવ્યક્તિ સ્નેહમિલન, શિક્ષણ સન્માન, અને સાંસ્કૃતિક કાર્યક્રમ તારીખ 22/12/2024 રવિવારના સવારે 10:00 કલાકે ભુજ ટાઉન હોલ મધ્યે શ્રી સમસ્ત જૈન સમાજના પ્રમુખ શ્રી હિતેશભાઈ ખંડોરના અધ્યક્ષ સ્થાને યોજાશે જેમાં મુખ્ય દાતાશ્રી હિંમતલાલ માવજીભાઈ ખંડોર પરિવાર, સહમુખ્ય દાતાશ્રી શ્રી પ્રાણલાલ હંસરાજભાઈ શાહ પરિવાર (દિપક ચા), ભોજનના દાતાશ્રી દીપકભાઈ બાબુલાલ સંઘવી પરિવાર, શિક્ષણ સન્માનના દાતાશ્રી માતૃશ્રી ગુલાબબેન નેણશીભાઈ બાબરીયા પરિવાર, આમંત્રણ પત્રિકાના દાતાશ્રી શ્રી પ્રકાશભાઈ વેલજીભાઈ શાહ પરિવાર, ડ્રો ના દાતાશ્રી ડોક્ટર બી.બી મહેતા પરિવાર તથા ઈવેન્ટના દાતાશ્રી શ્રી શાંતિલાલ સ્વરૂપચંદ મહેતા પરિવાર ( શગુન), શ્રી રવજીભાઈ દેવજીભાઈ શાહ પરિવાર વગેરે છે.

આ કાર્યક્રમ દીપ પ્રાગટ્ય દ્વારા સવારે 10:00 કલાકે દાતાશ્રી ઓ તથા મહેમાનોના હસ્તે કરવામાં આવશે. સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન, સમાજના 100થી પણ વધારે દીકરા-દીકરીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ બપોરનું ભોજન, હાઈટી, સાંજે અલ્પાહાર, બમ્પર લકી ડ્રો, અવનવી ગેમોનું પણ આયોજન કરવામાં આવશે.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે મહામંત્રી સંજયભાઈ મહેતા, ઉપપ્રમુખ વસંતભાઈ મહેતા, વસંતલાલ ભાભેરા, ભુપેન્દ્રભાઈ શાહ મંત્રી સુરેશભાઈ મહેતા, જગદીશભાઈ મહેતા, ખજાનચી દિપેશભાઈ મહેતા, સહખજાનચી કેતનભાઈ શાહ જહેમત ઉઠાવી રહ્યા છે.

# જિલ્લાફેર બદલી થયેલ શિક્ષકોને વૈકલ્પિક વ્યવસ્થા કરી છૂટા કરવા રજૂઆત

## ૫૦ % મહેકમ જળવાતું હોય તો બદલી કરાવેલ શિક્ષકોને છૂટા કરી દેવા જોઈએ : રાજ્યસંઘ

ભુજ, તા. ૨૧

કચ્છ જિલ્લામાંથી બદલી કરાવેલ શિક્ષકોને છૂટા કરવા ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા રાજ્યના બન્ને શિક્ષણમંત્રીઓ ડૉ. કુબેર ડિંડોર અને પ્રફુલ્લ પાનસેરિયા તેમજ શિક્ષણ વિભાગના અગ્ર સચિવ અને પ્રાથમિક શિક્ષણ નિયામક સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

રાજ્યસંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા અને મહામંત્રી જૈમિન પટેલ દ્વારા કરવામાં આવેલી રજૂઆત મૂજબ કચ્છ જિલ્લામાં શિક્ષકોએ વર્ષ-૨૦૨૩-૨૪માં ઑફલાઈન અને વર્ષ-૨૦૨૪માં ઑનલાઈન જિલ્લાફેર બદલીઓની માંગણી કરેલ હતી. કચ્છ જિલ્લામાં શિક્ષકોની ઘટ હોવાના કારણે છેલ્લા બે વર્ષથી જિલ્લાફેર બદલી પામેલ શિક્ષકો છૂટા થઈ શકેલ નથી અને હાલમાં ઑનલાઈન બદલી પામેલ શિક્ષકો જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ઠરાવના કારણે ૫૦% મહેકમ હોવા છતાં છૂટા થઈ શકેલ નથી જે દુઃખદ છે. ખરેખર ૫૦ % મહેકમ જળવાતું હોય તો રાજ્યના શિક્ષણ વિભાગનો નિયમ છે કે બદલી કરાવેલ શિક્ષકોને છૂટા કરી દેવા જોઈએ. જિલ્લા શિક્ષણ સમિતિ શિક્ષણ વિભાગથી ઉપરવટ જઈ આવો ઠરાવ કર્યો છે, વાસ્તવમાં સમિતિ પાસે એવી સત્તાઓ હોતી નથી .

જિલ્લાના બાળકોના શિક્ષણને અસર ન થાય અને બદલી પામેલ શિક્ષકોને પોતાના વતનનો લાભ મળે તેવી વૈકલ્પિક વ્યવસ્થા કરીને પણ શિક્ષકોને છૂટા કરવામાં આવે તેવી સંગઠન દ્વારા માંગ કરાઈ છે. કચ્છમાં જિલ્લાફેર થયેલ શિક્ષકોને છૂટા કરવામાં આવે તો અબડાસા, લખપત અને નખત્રાણામાં ૫૦% થી વધુ મહેકમ ઘટી જાય તેમ છે અને ઘણી બધી શાળાઓ શૂન્ય શિક્ષકવાળી થાય તેમ છે તો ભુજ, રાપર અને ભચાઉના અંતરિયાળ વિસ્તારમાં પણ આજ પરિસ્થિતિનું નિર્માણ થાય તેમ છે તે સમજી શકાય છે પણ જિલ્લાફેર થયેલ શિક્ષકોને અન્યાય ન થાય અને વતનનો લાભ મળે તથા બાળકોના શિક્ષણને અસર ન થાય તે રીતે યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા કરી શિક્ષકોને છૂટા કરવા માંગણી કરાઈ છે.

આ સાથે કચ્છ ઉપરાંત રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ જ્યાં મહેકમ તથા શિક્ષકોની ઘટ વધારે છે તેવા જિલ્લાઓમાં નવી ભરતીમાં વધારે શિક્ષકો ફાળવવામાં આવે અને બાળકોના શિક્ષણને અસર થતી હોઈ તાત્કાલિક અન્ય વૈકલ્પિક વ્યવસ્થા પણ કરવામાં આવે તેવી પણ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા રજૂઆત કરાઈ છે

## આજના દર્શન












**માનવ જ્યોત સંસ્થા સંચાલિત સેવાશ્રમ પરિવારના દિકરા- દિકરીની જેમ દેશભરના ૭૦ માનસિક દિવ્યાંગ ભાઈ-બહેનોની સારવાર કરી રહ્યું છે**

# દેશભરના માનસિક વિકલાંગો માટે ઘરનું બીજું સરનામું એટલે સરહદી કચ્છમાં માનવસેવાની સુવાસ ફેલાવતું 'રામદેવ સેવાશ્રમ'

## ભુજ ખાતે કાર્યરત માનવસેવાની મિશાલ સમાન આ સંસ્થાએ અત્યારસુધી દેશભરમાંથી રખડતા-ભટકતા કચ્છ આવી ચુકેલા ૧૮૫૧ માનસિક દિવ્યાંગોને ઘર સુધી પહોંચાડ્યા છે

ભુજ, તા. ૨૧

૧૯૮૦માં ભુજ શહેરમાં રખડતા ભટકતા નિરાધાર માનસિક વિકલાંગો માટે મમતામયી મા બની શ્રી સ્વ. મણીબેન પ્રાગજી માહેશ્વરી દરરોજ પોતાના દિકરી- દિકરી હોય તે રીતે માનસિક વિકલાંગોને જમાડતા, નવડાવતા, કપડા બદલાવતા, ૧૯૮૦થી આ કાર્યનો ભુજના દરબાર ગઢ ચોકથી પ્રારંભ થયો હતો. આ કાર્યથી પ્રેરણા લઈને તેમના પુત્ર તથા અન્ય મિત્રોએ માનવજ્યોત સંસ્થાના માધ્યમથી આ માનવસેવાના કાર્યને ચાલુ રાખ્યું, શરૂઆતમાં શહેરમાં ફરી ફરીને માનસિક વિકલાંગોને ભોજન, કપડા, દવા સહિતની સેવાથી શરૂઆત કરી આજે આ સંસ્થાએ માનસિક દિવ્યાંગો માટે કાયમી વિસામા સમાન ભુજથી નજીક પાલારા ખાતે રામદેવ સેવાશ્રમ ઉભો કરીને આ સેવાની જ્યોતને વધુ વિસ્તારી છે.

માતાના સેવા કાર્યોમાંથી પ્રેરણા લઈને સેવાકાર્ય અવિરત રાખનાર તેમના પુત્રો તથા સંસ્થાન પાયાના પથ્થરસમાન રમેશભાઈ માહેશ્વરી, સુરેશભાઈ માહેશ્વરી તથા સાથીમિત્રો પૃથ્વીરાજસિંહ જાડેજા, મુરજીભાઈ ઠક્કર તથા પ્રબોધ મુનવરે વાવેલું સેવાનું બીજ આજે વટવૃક્ષ બની ચુકયું છે. માનવસેવાના અનેક કાર્ય કરતી આ સંસ્થાનું મુખ્ય કાર્ય માનસિક વિકલાંગોની સારવાર કરીને તેને સમાજના મુખ્યપ્રવાહમાં ભેળવવાનું, જેનું કોઈ નથી તેને આશરો આપવો તથા તેમના રહેલા કૌશલ્યને ખિલવીને તેને સક્ષમ બનાવવાનું કાર્ય કરી રહી છે. આ કાર્યમાં સરકારશ્રી તથા દાતાઓની મદદ તેમને મળી છે.

રામદેવ આશ્રમના સેવાભાવી પ્રબોધ મુનવર જણાવે છે કે, દેશના અનેક રાજ્યોથી કચ્છ આવી પહોંચેલા માનસિક વિકલાંગોની સારવાર કરીને તેના પરિવારને શોધી તેમનું પરિવાર સાથે મિલન કરાવવાના કાર્ય, રોડ પર પડી રહેતા માનસિક વિકલાંગો રોજ ભોજન આપવું, તેમને નવડાવવા, કપડા પહેડાવવા, બિમાર હોય તો સારવાર કરાવવી વગેરે કાર્યો માનવ જ્યોત સંસ્થા કરતી હતી. પરંતુ માનસિક વિકલાંગો માટે અમારી પાસે કોઈ કાયમી આશ્રય સ્થાન ન હોવાથી અનેક મુશ્કેલી પડતી હતી. એક કાયમી છત મળી રહે તો ત્યાં માનસિક વિકલાંગોને રાખીને તેમની વિધિસર સારવાર જાતે સંસ્થા કરી શકે અને અન્ય પ્રવૃત્તિ પણ થઈ શકે તે માટે દાતા અને સરકારશ્રીની મદદથી અનેક વર્ષોની તપસ્યા બાદ ૨-૭-૨૦૧૭માં રામદેવ આશ્રમને ખુલ્લો મુકવામાં આવ્યો. કચ્છમાં રસ્તે રઝળતા અને માર્ગો પર રહેતા નિરાધાર માનસિક દિવ્યાંગોને માનવ જ્યોત સંસ્થા શોધી શોધીને આશ્રમસ્થળે લઈ આવી તેની સારવાર કરાવી તેમને સ્વસ્થ બનાવી તેમનું ઘર શોધી આપી તેમના પરિવાર સાથે મિલન કરાવે છે.

સંસ્થામાં માનસિક વિકલાંગોને પરિવારના દિકરા-દિકરી, વડીલ તથા પરિવારના સભ્યની જેમ સાચવવામાં આવે છે. રોજ તેમને સ્નાન કરાવવું, વસ્ત્રો પહેરાવવા, હજામત કરાવવી વગેરે સેવા સાથે ત્રણ ટાઈમ ભોજન પીરસવામાં આવે છે. આ ઉપરાંત તેમના શારીરિક અને માનસિક વિકાસ માટે કસરત, યોગા, રમત-ગમત વગેરે પ્રવૃત્તિ કરાવવામાં આવે છે. ટીવીના જ્ઞાનવર્ધક કાર્યક્રમો બતાવવામાં આવે છે, ગીત ગાવા, વાજિંત્રો વગાડવા વગેરે કરાવાય છે જેથી તેઓનું મગજ શાંત અને સ્વસ્થ રહે. પોલીસ તંત્રની મદદથી તેમના પરિવારને શોધવામાં આવે છે. પરિવારજનો કચ્છ સુધી તેમને તેડવા આવે છે ત્યારે અમુક મહિનાઓ કે ૫,૧૦,૧૫,૨૦ કે ૩૫ વર્ષે મિલન થતું હોવાથી ભાવભર્યા દશ્યો સર્જાય છે. પરિવારે જેની આશા છોડી દિધી હોય તેવો સભ્ય જીવિત મળી આવે ત્યારે પરિવારની ખુશી બેવડાઈ જાય છે.

પ્રબોધભાઈ વધુમાં ઉમેરે છે કે, ૬ વર્ષના ગાળામાં આ આશ્રમ સ્થળેથી ૧૮૫૧ માનસિક દિવ્યાંગો સ્વસ્થ બની અન્ય રાજ્યોમાં પોતાના વતન-ઘર સુધી પહોંચ્યા છે. રામદેવ સેવાશ્રમની સ્થાપના પહેલાની વાત કરીએ તો ટાંચા સાધનો અને સંસ્થાના એક રૂમના આશ્રયની મદદથી છેલ્લા ૨૦ વર્ષમાં માનવ જ્યોત સંસ્થાએ ગુમ થયેલા ૩૦૬૧ લોકોને તેમના પરિવાર સુધી પહોંચતા કર્યા છે. જેમાંથી ૧૮૫૧ રસ્તે ભટકતા માનસિક દિવ્યાંગો હતા. ઉપરાંત ૪૮૫ દિવ્યાંગોને ટ્રાયસિકલ અર્પણ કરી માર્ગો પર ફરતા કર્યા છે.

માનવ જ્યોત સંસ્થાએ ગુજરાતની માનસિક દિવ્યાંગો માટે કામ કરતી સંસ્થાઓ, આશ્રમો, સેવાશ્રમો સાથે પણ સંકલન કર્યું છે. જેથી વિવિધ સંસ્થાઓમાંથી આવા માનસિક દિવ્યાંગ ભાઈ-બહેનોને ભુજ સુધી લઈ આવી તેમના ઘર પરિવાર શોધી અપાય છે. ગુજરાતના વિવિધ આશ્રમોના ૪૦૦થી વધુ માનસિક દિવ્યાંગ ભાઈ-બહેનોને ભુજની આ સંસ્થાએ ઘર સુધી પહોંચાડ્યા છે.

તેઓ વધુમાં પ્રબોધ મુનવર જણાવે છે કે, સંસ્થામાં આશ્રમ સ્થળે નાના-મોટા ૩૦ રૂમો, ભોજનખંડ, અતિથિગૃહ, સ્ટાફરૂમ, મેડીકલ વોર્ડ, ગૌશાળા, વિશાળ હોલ, ચબૂતરો વગેરે છે. રોજ ૨૫૦ જણાની રસોઈ બને છે, જેમાં ૧૦૩ વૃધ્ધો ઘરે નિઃશુલ્ક ટીફીન અહીંથી પહોંચે છે તેમજ માનસિક દિવ્યાંગો, સ્ટાફ વગેરે ભોજન કરે છે. સરકારી માનસિક આરોગ્યની હોસ્પિટલ ભુજની ટીમ અહીં નિયમિત આવી મનોરોગીઓની ટ્રીટમેન્ટ કરે છે. તેઓ ઉલ્લેખ કરે છે, અગાઉ જ્યારે માનસિક દિવ્યાંગોની સારવાર-સેવા માટે સંસ્થા પાસે જગ્યા ન હતી. ત્યારે રસ્તા પરથી લઈ આવેલા દિવ્યાંગોને સારવાર માટે સરકારી માનસિક આરોગ્યની હોસ્પિટલમાં દાખલ કરાવીને તેઓ થોડા સ્વસ્થ થઈ પરિવાર વિશે જણાવવા સક્ષમ બને ત્યારે તેમના પરિવારને શોધવા પ્રયાસ કરાતો. આમ, રાજ્ય સરકારનો આભાર વ્યકત કરતા તેઓ જણાવે છે કે, માનવ જ્યોત દ્વારા કરાતી માનસિક વિકલાંગોની સેવામાં રાજ્ય સરકાર હંમેશા પડખે રહી છે. હાલ માનવ જ્યોત અને રામદેવ આશ્રમ દ્વારા માનવસેવા તથા જીવદયાની ૪૯થી વધુ પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે.

વર્તમાન સમયમાં પાયાના પથ્થર સમાન કાર્યકરો સાથે આનંદ રાયસોની, સહદેવસિંહ જાડેજા, દિપેશ શાહ, શંભુભાઈ જોશી, રફીક બાવા, કનૈયાલાલ અબોટી, મનસુખભાઈ નાગડા, મુરજીભાઈ ઠક્કર, ભરતી સોની, ગોવિંદભાઈ પાટીદાર, કરસનભાઈ ભાનુશાલી, નરશીભાઈ પટેલ સહિતના સેવાભાવીઓ માનવસેવાની સુવાસ ફેલાવી રહ્યા છે.

# અદાણી ગ્રૂપ વિરૂદ્ધ કાર્યવાહીમાં સામેલ યુએસના એટર્ની રાજીનામું આપશે

## ડોનાલ્ડ ટ્રમ્પ સત્તા સંભાળે તે પહેલા જ બ્રાયન પીસનો પદત્યાગ

મુંદરા, તા.૨૧

અદાણી ગ્રુપ વિરુદ્ધ કાર્યવાહીમાં સામેલયુએસ ફેડરલ પ્રોસિક્યુટર બ્રાયન પીસ 10 જાન્યુઆરીએ રાજીનામું આપશે. અદાણી ગ્રીન એનર્જી અને તેના અધિકારીઓ સામે બ્રાયન પીસેલાંચ લેવાના આક્ષેપો કર્યા હતા. રાષ્ટ્રપતિ જો બિડેન દ્વારા તેમની નિમણૂક કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતુ કે ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ પદની સત્તા સંભાળે તે પહેલા પોતે નોકરી છોડી દેશે.

ન્યૂયોર્કના બ્રુકલિનના 53 વર્ષીય બ્રાયન પીસે બુધવારે એક નિવેદન જારી કરીને તેમના રાજીનામાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતુ કે યુએસ ફેડરલ પ્રોસિક્યુટર તરીકે કામ કરવું એ તેમના માટે તેમના જીવનનો અવિસ્મરણીય અનુભવ હશે.તેઓ 2021 માં રાષ્ટ્રપતિ બિડેન દ્વારા નિયુક્ત કરવામાં આવ્યા હતા.



અમેરિકાના ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ 20 જાન્યુઆરીએ કાર્યભાર સંભાળવા જઈ રહ્યા છે. નિવેદનમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે જાન્યુઆરી 2025 માં ચૂંટાયેલા રાષ્ટ્રપતિડોનાલ્ડ ટ્રમ્પના શપથગ્રહણબાદકેરોલિન પોકોર્નીનેપીસના સ્થાને નિયુક્ત કરવામાં આવશે. તેઓ ન્યૂયોર્કના પૂર્વીય જિલ્લાના કાર્યકારી ફેડરલ પ્રોસીક્યુટર તરીકે ફરજ સંભાળશે.

અગાઉ અદાણી ગ્રુપે પીસ દ્વારા લગાવવામાં આવેલા લાંચના આરોપોને નકારી કાઢ્યા હતા. અદાણી ગ્રીન એનર્જીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ગૌતમ અદાણી, સાગર અદાણી અને વરિષ્ઠ નિર્દેશક વિનીત જૈન યુએસ ન્યાય વિભાગ દ્વારા લાંચના તમામ આરોપોથી મુક્ત છે.

મીડિયા અહેવાલો અનુસારઅદાણી જૂથના ગૌતમ અદાણી, તેમના ભત્રીજા સાગર અદાણી અને વરિષ્ઠ નિર્દેશક વિનીત જૈન પર યુએસ ફોરેન કરપ્ટ પ્રેક્ટિસ એક્ટ (FCPA) હેઠળ લાંચ અને ભ્રષ્ટાચારના આરોપો મૂકવામાં આવ્યા હતા. તેના જવાબમાં અદાણી ગ્રીન એનર્જીએ નિવેદન જારી કરી જણાવ્યું હતું કે માત્ર એઝ્યુર પાવરના રણજીત ગુપ્તા, સિરિલ કેબેન્સ, સૌરભ અગ્રવાલ, દીપક મલ્હોત્રા અને રૂપેશ અગ્રવાલ અને CDPQ પર ભ્રષ્ટાચારના આરોપો મૂકવામાં આવ્યા હતા જેમાં અદાણી ગ્રુપના કોઈપણ અધિકારીનું નામ નથી.

# સંસ્કૃત પ્રથમા પરીક્ષામાં કચ્છમાં પ્રથમ

ભુજ, તા. ૨૧



બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ અમદાવાદ દ્વારા સપ્ટેમ્બર 2024માં લેવાયેલી સંસ્કૃતની પ્રથમ પરીક્ષામાં ભુજની વિદ્યાર્થીની કચ્છ જિલ્લામાં પ્રથમ સ્થાને આવેલ છે.

ભુજની વિદ્યાર્થીની દેવાંશી જયેશભાઈ ઠક્કરે બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ - અમદાવાદ દ્વારા લેવાયેલી સંસ્કૃતની પ્રથમ પરીક્ષામાં કચ્છ જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમજ અન્ય પરીક્ષાઓમાં પણ વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરેલ છે. હાટકેશ સેવા મંડળના સલાહકાર ડો. સત્યપ્રસાદદાસજી સ્વામી અને સંસ્થાના જયશ્રીબેન હાથીએ અભિનંદન પાઠવ્યા હતા. દેવાંશીએ કચ્છનું, સંસ્થાનું અને લોહાણા સમાજનું ગૌરવ વધાર્યું છે.




MUSKAN
RO
SALES & SERVICE
Fresh Aqua-Oseas Aqua
anam nagar, atmaram circle, bhuj-kutch, 370001
Sarif Luhar- 95103 62011
Mustak Luhar - 98258 52498



ભુજમાં શુદ્ધ શાકાહારી ભોજન, ઓફિસ,બેંક અને વિદ્યાર્થીઓ માટે
હોમ ડિલીવરી ફ્રી
ૐ ઓમ ટીફીન સર્વિસ
સંપર્ક મો. ૮૪૯૦૯૯૫૩૮૪

એક જ કોલમાં દર્દીની સંભાળ માટે સેવા ઉપલબ્ધ



અશક્ત, પથારીવસ દર્દીની સારસંભાળ, સ્નાન-પંચીગ કરાવવા કે ડાયપર બદલવા માટે જરૂરિયાતને પહોંચાડવા માટે આજે સંપર્ક સાંધો
9824102079
ભેરૂમલ ચાવરીયા
ભુજ-કચ્છ.


Printer, Publisher & Owned by RAM KARSHANDAS THACKER Printed at JAHNAVI Offset, 105/B,Lotus colony BHUJ-KUTCH370001. Publish at VAVAD, 'AKSHARDHAM' 104/A, Lotus colony BHUJ-KUTCH,Editor RAM KARSHANDAS THACKER



# રાપર પોલીસ દ્વારા સોન ટેકરી શાળા ખાતે સાયબર અવરનેશ પ્રોગ્રામ યોજાયો

ભુજ તા. ૨૧

સાયબર ક્રાઈમ નો વિધાર્થીઓ અને વિધાર્થીનીઓ તથા વાલીઓ અને શિક્ષકો ના બને તે માટે બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડીયા અને પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમાર ના માર્ગદર્શન હેઠળ અવારનવાર સાયબર અવરનેશ પ્રોગ્રામ નુ આયોજન કરવામાં આવે છે તે અન્વયે આજે રાપર પોલીસ દ્વારા રાપર તાલુકાના નિલપર ખાતે આવેલી સોન ટેકરી શાળા ખાતે રાપર પોલીસ ઈન્સ્પેક્ટર જે.બી.બુબડીયા ના વડપણ હેઠળ સાયબર અવરનેશ પ્રોગ્રામ નુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સાયબર ક્રાઈમ નો ભોગ ના બની જવાય તે માટે મોબાઈલ પર થી આવતી ઓટીપી ના આફવી તેમજ સાયબર ક્રાઈમ ના ફ્રોડ નો ભોગ ના બની જવાય તે માટે અજાણ્યા નંબર પર થી આવતા ફોન થી સાવધ રહેવું સહિત ના સાયબર ને લગતી માહિતી આપવામાં આવી હતી સાયબર અવરનેશ પ્રોગ્રામ ના કાર્યક્રમ મા રાપર પોલીસ ના કર્મચારીઓ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા





# રાપર નગરપાલિકા દ્વારા અગિયાર કરોડના વિકાસના કામોનુ લોકાર્પણ

ભુજ

રાપર નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ પ્રકારના વિકાસ ના કાર્યો નુ લોકાર્પણ ધારાસભ્ય વિરેંન્દ્રિસંહ જાડેજા પ્રાંત અધિકારી જે.આર ગોહિલ વહિવટદાર અને ઈન્ચાર્જ મામલતદાર એમ કે રાજપૂત ના હસ્તે કરવામાં આવ્યું હતું જેમાં રાપર શહેર ના વિવિધ વિસ્તારોમાં વિકાસ કામો નુ તથા શહેર ની સુખાકારી માટે વિવિધ યોજનાઓ માટે ના વાહનો નુ લોકાર્પણ કરવામાં આવ્યું હતું જે રુપિયા ૧૦.૯૦ કરોડ ના કામો નુ આયોજન કરવામાં આવ્યું હતું આ અંગે વિગતો આપતા ચીફ ઓફિસર રવાજી જાડેજા એ જણાવ્યું હતું કે શહેર માટે ડોર ટુ ડોર વાહન નવ..જેસીબી એક સકશન મશીન એક ફાયરફાઈટર એક સ્કાય લીફટ એક વાહનો અઢી કરોડ૨.૯૧ કરોડ ના ખર્ચે વિવિધ એરીયા મા પેવર બ્લોક ૧૬ લાખ ના ખર્ચે પાણીની લાઈન ૪૭ લાખના ખર્ચે આઈકોનિક રોડ નુ નિર્માણ ૧.૨૦ કરોડ ના ખર્ચે રિસરફેસીંગ ડામર રોડ .૨.૧૩ કરોડ ના ખર્ચે સ્વચ્છ ભારત અંતર્ગત કચરા ના નિકાલ માટે પ્રોસેસિંગ પ્લાન ..૩૦ લાખના બગીચામાં સુધારણા કામ નુ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુંયોજાયેલા કાર્યક્રમમાં ધારાસભ્ય વિરેંન્દ્રિસંહ જાડેજા ભચાઉ પ્રાંત અધિકારી જ્યોતિ બેન ગોહિલ વહિવટદાર અને ઈન્ચાર્જ મામલતદાર એમ કે .રાજપૂત ચીફ ઓફિસર રવાજી જાડેજા નાયબ મામલતદાર શિવાભાઈ રાજપૂત મહેશ સુથાર લક્ષ્મણસિંહ સોઢા માજી જિલ્લા પંચાયત પ્રમુખ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી વસરા જસવંતીબેનહ મહેતા વિનુભાઈ થાનકી ભિખુભા સોઢા ઉમેશ સોની માજી તાલુકા પંચાયત પ્રમુખ હમીરજી સોઢા રામજી મુછડીયા મોરારદાન ગઢવી પ્રદિપ સિંહ સોઢા અનોપસિંહ વાઘેલા ડોલર ભાઈ ગોર કારોબારી ચેરમેન જયદીપસિંહ જાડેજા માજી નગરપાલિકા પ્રમુખ હઠુભા સોઢા નિલેશ માલી મહેન્દ્ર સિંહ વાઘેલા મુળજી પરમાર કુંદન સિંહ વાઘેલારમેશ શિયારીયા મેમાભાઈ ચૌહાણ મદુભા વાઘેલા પ્રવિણભાઈ કાંકરા આશિષ ગૌસ્વામી હરદેવસિંહ રાઠોડ માવજી મેરીયા નરેન્દ્ર સિંહ જાડેજા હેતુભા રાઠોડ દિવ્ય રાજસિંહ જાડેજા અવિનાશ પ્રજાપતિ લાલજી કારોત્રા રમેશ શિયારીયા મેમાભાઇ ચૌહાણ મદુભા વાઘેલા બળવંત ઠક્કર જાનખાન બલોચ મદુભા વાઘેલા રામજી પિરાણા મુળજી પરમાર કુંદન સિંહ વાઘેલા તથા સ્વામિનારાયણ મંદિર ના સંતો વિગેરે ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમ નુ સંચાલન મોરારદાન ગઢવીએ જ્યારે આભાર વિધિ ચીફ ઓફિસર રવાજી જાડેજા એ કરી હતી

## સિને સૃષ્ટિ



# આલિયાની અવગણના? રણબીર અને નીતુ કપૂરને ટ્રોલિંગથી બચાવવા પ્રયાસ

રણબીર કપૂરે અને આલિયા ભટ્ટની કેમેસ્ટ્રી અને ફિલ્મો માટે તો તેઓ હંમેશા ચર્ચામાં રહે છે. સાથે તેઓ બંને અનેક વખત ટ્રોલિંગનો પણ સામનો કરી ચૂક્યા છે. તાજેતરમાં જ કપૂર પરિવાર દ્વારા રાજ કપૂરના ૧૦૦મા જનમદિવસની ઉજવણી કરવામાં આવી. આ વખતે એક વીડિયો વાયરલ થયો જેમાં તેમને બંનેને ઘણી નેગેટિવ કમેન્ટ્સનો સામનો કરવો પડ્યો. તેમાં ઘણા વીડિયોમાં રણબીરનો ટ્રોલ કરવામાં આવી રહ્યો છે. પરંતુ આલિયા હવે તેના ટેકામાં આગળ આવી છે.પહેલાં એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં નીતુ કપૂર આલિયાનો હાથ છોડાવીને આગળ જાય છે, તેમાં નીતુ કપૂરે આલિયાની અવગણના કરી હોવાની વાત પર નીતુ કપૂર અને આલિયાને ટ્રોલ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ એક અન્ય વીડિયો વાયરલ થયો હતો, જેમાં ફેમિલી ફોટો માટે સમગ્ર કપૂર પરિવાર પોઝ આપે છે, જેમાં આલિયા અને કરીના નીચે બેસે છે, કોઈ ખુરશીમાં બેઠું છે તો કોઈ ઉભું છે. ફોટો ક્લિક થયા પછી કરીનાને ઉભા થવા માટે સૈફ હાથનો ટેકો આપે છે.

# પાકિસ્તાનમાં મોટો આતંકી હુમલો, સુરક્ષા ચોકીને બનાવી કર્યો આત્મઘાતી વિસ્ફોટ, ૧૭ સૈનિકોના મોત

ઈસ્લામાબાદ, તા.૨૧

પાકિસ્તાનથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. એક સુરક્ષા ચોકી પર આત્મઘાતી હુમલાખોરે વિસ્ફોટકોથી ભરેલા વાહન સાથે ભયંકર વિસ્ફોટ કર્યો હતો. આ હુમલામાં લગભગ ૧૭ જેટલા સુરક્ષાકર્મીઓના મોત થયા છે, જ્યારે અન્ય ઘણાં ઘાયલ થયા છે.

આ હુમલો ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના બન્નુ જિલ્લામાં થયો હતો. પાકિસ્તાની તાલિબાનના વિભાજિત જૂથ હાફિઝ ગુલ બહાદુર જૂથે આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી. જો કે સરકારે આ ઘટના અંગે હજુ કોઈ ટિપ્પણી કરી નથી, પરંતુ સુરક્ષા અને ગુપ્તચર અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે તેઓ હુમલા માટે જવાબદાર લોકો સામે ઓપરેશન ચલાવી રહ્યા છે.

ગુપ્તચર અને સુરક્ષા અધિકારીઓ પાસેથી મળતી માહિતી મુજબ એક આત્મઘાતી બોમ્બરે ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનમાં એક સુરક્ષા ચોકી પર તેના વિસ્ફોટકોથી ભરેલા વાહનમાં વિસ્ફોટ કર્યો હતો, જેમાં ઓછામાં ઓછા ૧૭ સુરક્ષા કર્મચારીઓ માર્યા ગયા હતા અને અન્ય ઘણા ઘાયલ થયા હતા. વિસ્ફોટ બાદ ફાયરિંગના પણ સમાચાર છે, જેના કારણે ઘાયલોની સંખ્યામાં વધુ વધારો થયો છે.

તાજેતરના મહિનાઓમાં સૌથી ઘાતક હુમલો, મંગળવારે સાંજે ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના બાનુ જિલ્લામાં થયો હતો. હાફિઝ ગુલ બહાદુર જૂથ તરીકે ઓળખાતા પાકિસ્તાની તાલિબાનના વિભાજિત જૂથે હુમલાની જવાબદારી સ્વીકારી હતી. સરકાર તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર ટિપ્પણી કરવામાં આવી નથી, પરંતુ સુરક્ષા અને ગુપ્તચર અધિકારીઓએ જણાવ્યું હતું કે સુરક્ષા દળોએ હુમલો કરનારાઓ વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

શ્રી અખિલ સૌરાષ્ટ્ર–કચ્છ રઘુવીર સેના-રાજકોટ દ્વારા મનુભાઈ મીરાણી સંચાલિત 'શ્રી રઘુવંશી વેવિશાળ માહિતી કેન્દ્ર (નિઃશુલ્ક)' ના ઉપક્રમે


# રઘુવંશી યુવક-યુવતીઓ માટે ઓનલાઈન 'શ્રી રઘુવંશી ફોરેન ગ્રુપ માટે તથા વિદેશ જવા ઈચ્છુક ઉમેદવારો માટે પરીચય મેળો

## સમગ્ર વિશ્વમાંથી અંદાજે ૨૦૦ લગ્નોત્સુક રઘુવંશી યુવક-યુવતીઓ ભાગ લેશે

રાજકોટ તા. ૨૧

રઘુવંશી સમાજનાં વરિષ્ઠ સમાજ સેવક મનુભાઈ મીરાણી દ્વારા ૨૩ વર્ષથી લોહાણા સમાજનાં લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે નિઃશુલ્ક 'રઘુવંશી વૈવિશાળ માહિતી કેન્દ્ર' ચલાવવામાં આવે છે. અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના-રાજકોટ દ્વારા મનુભાઈ મીરાણીના માર્ગદર્શનમાં રઘુવંશી યુવક-યુવતીઓ માટે ઓનલાઈન 'શ્રી રઘુવંશી ફોરેન ગ્રુપ તેમજ ફોરેન જવા માંગતા ઉમેદવારો માટે 'પરીચય મેળા' નું આયોજન તા.૦૫/૦૧/૨૦૨૫, રવીવારનાં રોજ સાંજે ૬-૦૦ કલાકેથી કરાયું છે.

ઉમરના મેચીંગ ગ્રુપ પ્રમાણે દરેક ઉમેદવારને ઓનલાઈન પી.ડી.એફ. ફાઈલ વ્હોટસએપમાં મળી જશે. પી.ડી.એફ. ફાઈલ તૈયાર કરવાની હોવાથી નિઃશુલ્ક રજીસ્ટ્રેશન તા.૩૦/૧૨/૨૦૨૪, ગુરૂવાર સુધીમાં કરી દેવું ફરજીયાત છે. નિઃશુલ્ક 'શ્રી રઘુવંશી ફોરેન ગ્રુપ તેમજ ફોરેન જવા માંગતા ઓનલાઈન પંસદગી સમારોહ" માં ભાગ લેવા માટે વોટસએપ પર બાયોડેટા મોકલવા માટે મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯), સંજયભાઈ કકકડ (મો.૯૧૫૭૩ ૪૩૭૯૯) પર તા. ૩૦/૧૨/૨૦૨૪, ગુરૂવાર સુધીમાં ફોરેન લખી મોકલી આપવા વિનંતી કરાઈ છે. આ ઓનલાઈન પરીચય મેળામાં સમગ્ર વિશ્વમાંથી અંદાજે



૨૦૦ લગ્નોત્સુક રઘુવંશી યુવક-યુવતીઓ ભાગ લેશે.

સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છનાં લાખો રઘુવંશીઓનાં શૈક્ષણીક, મેડીકલ, સુરક્ષા, સેવાકીય સહીતનાં ક્ષેત્રોમાં પ્રગતી માટે એક દશકાથી વધારે સમયથી જુનાગઢના ડેપ્યુટી મેયર અને અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેનાનાં અધ્યક્ષ ગિરીશભાઈ કોટેચાનાં માર્ગદર્શનમાં અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના સેવારત છે. યુવક-યુવતીઓ 'લગ્ન પહેલા થેલેસેમીયા ટેસ્ટ' અચુક કરાવે અને તેના થકી આગામી વર્ષોમાં 'થેલેસેમીયા મુકત રઘુવંશ, થેલેસેમીયા મુકત સમાજ' બને, તથા કુમળા ફુલ જેવા બાળકો મોતના મુખમાં જતા અટકે તેવા ઉમદા, પવિત્ર આશયથી હવેથી થેલેસેમીયા ટેસ્ટ કરાવ્યો હોય તેને જ નિઃશુલ્ક શ્રી રઘુવંશી વેવિશાળ માહીતી કેન્દ્ર માં પ્રવેશ અપાઈ રહયો છે. વેવિશાળ માહિતી-માર્ગદર્શન અપાય છે. આ નિયમનું અત્યંત કડક અમલીકરણ કરાઈ રહયું છે.

શ્રી અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના-રાજકોટ દ્વારા મનુભાઈ મીરાણી સંચાલિત 'શ્રી રઘુવંશી વેવિશાળ માહિતી કેન્દ્ર (નિઃશુલ્ક) ના ઉપક્રમે શ્રી રઘુવંશી ફોરેન ગ્રુપ તેમજ ફોરેન જવા માંગતા ઉમેદવારો યુવક-યુવતીઓ માટે ઓનલાઈન 'શ્રી રઘુવંશી ફોરેન પરીચય મેળા' ને સફળ બનાવવા માટે અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના-રાજકોટનાં પ્રમુખ મિતલ ખેતાણી, સલાહકાર સમિતીના અધ્યક્ષ અને પૂર્વ મેયર જનકભાઈ કોટક, સૌરાષ્ટ્ર-કચ્છની યુવા પાંખના અધ્યક્ષ કલ્પેશ હરીશભાઈ પલાણ, દિપકભાઈ રાજાણી, ગૌરાંગભાઈ ઠકકર, મહામંત્રીઓ સંજયભાઈ કકકડ અને કનુભાઈ હિંડોચા, થેલેસેમીયા સમિતીનાં જીતુલભાઈ કોટેચા, બાલાભાઈ સોમૈયા, ધર્મેશભાઈ કકકડ, રાજકોટ યુવા પાંખના અધ્યક્ષ હિરેન વડેરા, ચેતનભાઈ ગણાત્રા, રાજેશભાઈ કારીયા, હિરેનભાઈ મહેતા, દિલીપભાઈ કુંડલીયા, નીતીનભાઈ ભુપતાણી, પાર્થ ધામેચા, મિત્સુ ઠકરાર સહિતનાં જહેમત ઉઠાવી રહયાં છે. 'શ્રી રઘુવંશી ઓનલાઈન ફોરેન પરીચય મેળા'ની વિશેષ માહિતી માટે મનુભાઈ મીરાણી (મો.૯૪૨૮૪ ૬૬૬૬૩) પર બપોરે ૧૨-૦૦ થી ૧-૦૦ દરમ્યાન સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# છેલ્લા ૨૪ વરસથી કચ્છના ગરીબ તથા મધ્યમવર્ગના દર્દીઓ માટે જાહેર અપીલ દ્વારા દાન માટેની અપીલને પ્રાપ્ત થઈ સફળતા. રૂ.૩ લાખની રકમનો ચેક સુપ્રરત

ભુજ

અનશનવ્રતધારી,જૈન સમાજરત્ન શ્રી તારાચંદભાઈ જગશી છેડાની પ્રેરણાથી સંસ્થાના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ સંચાલીત શ્રી ક.વી.ઓ. જૈન મહાજન ભુજ ધ્વારા કચ્છ જિલ્લામાં છેલ્લા ૨૪ વરસથી અતિ જીવલેણ બિમારી થયેલ ગરીબ કે મધ્યમવર્ગીય પરિવારના દર્દીને ઓપરેશન માટે સંસ્થા ધ્વારા રૂપિયા ૧૧,૦૦૦/- પોતાના આપીને વર્તમાન પત્રમાં જાહેર અપીલની જાહેરાત આપવામાં આવે છે. કચ્છની દાનવીર જનતા ધ્વારા થોડાક જ સમયમાં દાન એકત્રિત થતા દર્દીને સુપ્રરત કરવામાં આવે છે અને દાન એકત્રિત થઈ ગયા પછી બીજા દિવસે વર્તમાન પત્રમાં જાહેર આભાર તથા દાન ન મોકલવા માટેની જાહેરાત પણ આપવામાં આવતી હોવાથી સંસ્થાની આ યોજનાને બહોળો પ્રતિસાદ મલ્તો રહ્યો હોવાનું સંસ્થાના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડાએ જણાવ્યુ હતુ.માંડવી તાલુકાના બિદડા નિવાસી શ્રી મોહનભાઈ સંજોટના સુપુત્ર ચિ. વૈભવને પિત્તાશયની નળીના ઓપરેશન માટે રૂ.૭ લાખની રકમની જરૂરીયાત ઉભી થતા અને તેમના પરિવારમાં માતા,પિતા અને પુત્રી છે.તેમના પિતા મજુરી કામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે.જેથી આ ખર્ચને પહોંચી વળવા તેઓ અસમર્થ હતા.તેમાં રૂપિયા ૪ લાખની વ્યયવસ્થા તેમના પરિવારજનો, સમાજ અને ગ્રામજનો દ્વારા કરવામાં આવી હતી જયારે



ખુટતી રકમ રૂપિયા ૩ લાખ માટે સંસ્થાના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડાનો સંપર્ક કરતા શ્રી જીગરભાઈ છેડાએ તાત્કાલીક વર્તમાનપત્રમાં જાહેર અપીલ આપના કચ્છની દાનવીર જનતા તરફથી રૂ. ૩ લાખનો ફાળો એકત્રિત થઈ ગયો હતો.શ્રી જીગરભાઈ છેડાએ વધુમાં જણાવ્યુ હતુ કે મારા પૂજય પિતાશ્રીએ શરૂ કરેલ જાહેર અપિલમાં માત્ર થોડાક જ સમયમાં દાનની રકમ એકત્ર થઈ જાય છે. કચ્છ અને કચ્છ બહારની દાનવીર જનતાના દાનના સહકારથી છેલ્લા ૨૪ વરસથી હજારો દર્દીઓના જીવન બચાવવાનું શકય બન્યુ છે.આ અપિલના અનુસંધાનમાં દાન આપનાર તમામ દાતાશ્રીઓનો આભાર વ્યકત કર્યો હતો.





# અર્ચના સેંટ ઝેવીયર્સ સ્કુલ માંડવીમાં વાર્ષકોત્સવની થયેલ ઉજવણી

## શાળાના ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પોતાની વિવિધ કળા રજૂ કરી

જયેશ શાહ ધ્વારા માંડવી, તા.૨૧

શૈક્ષણીક ક્ષેત્રે છેલ્લા ૨૯ વર્ષથી અંગ્રેજી માધ્યમનું શિક્ષણ આપતી અર્ચના સેંટ ઝેવીયર્સ સ્કુલનો વાર્ષકોત્સવ ''સંહિતા□□ નું આયોજન શાળાના પટાંગણમાં સૌરાષ્ટ્ર–કચ્છના બીસોફ જોશ ચીટો પરબીલના પ્રમુખ સ્થાને કરવામાં આવ્યું હતું.

શાળાના બાળકોએ કાર્યક્રમની શરૂઆતમાં નૃત્ય પ્રાર્થના રજૂ કરી હતી. પ્રિન્સીપાલ સીસ્ટર સ્મીની થોમસે સ્વાગત પ્રવચન સાથે પ્રસંગ પરિચય આપ્યો હતો.કાર્યક્રમનું દીપ પ્રાગટય બીસોફ જોશ ચીટો પરબીલ, સીસ્ટર જીસ જોસેફ, શહેર ભાજપ પ્રમુખ દેવાંગભાઈ દવે, મામલતદાર વી.કે. ગોકલાણી, નગર સેવા સદનના કારોબારી ચેરમેન વિશાલભાઈ ઠક્કર, પી.આઈ. માંડવી ડી. ડી. શીમ્પી, બીઆરસી મેહુલભાઈ શાહ, જીલ્લા કેળવણી નીરીક્ષક મૌસમીબેન જોશી, સીઆરસી યોગેશભાઈ મહેતા, ડાયરેકટર કચ્છ જયોથી ટ્રસ્ટના અનીશભાઈ કપીયલ, મેનેજર સીસ્ટર રાણી, પ્રિન્સીપાલ સીસ્ટર સ્મીની થોમસ વિગેરેના હસ્તે કરવામાં આવ્યું હતું.

શાળાના વિદ્યાર્થીઓએ આખા વર્ષનો અહેવાલ ન્યુઝ ચેનલની થીમ દ્વારા સ્કીન પ્રેઝન્ટેશન સાથે રજૂ કરી ઉપસ્થિતોને મંત્ર મુગ્ધ કરી મૂકયા હતા. ધારાસભ્યશ્રી અનિરૂધ્ધભાઈ દવે શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો.

બીસોફ જોશ ચીટો પરબીલે સૌરાષ્ટ્ર–કચ્છમાં ૭૮ સ્કુલ તથા ૫–કોલેજમાં માંડવીની શાળાએ વિવિધ ક્ષેત્રે પ્રગતિ કર્યાનું જણાવી શિક્ષણની સાથે સંસ્કારનું સીંચન કરાવાઈ રહ્યાનું વાર્ષકિ અહેવાલ દ્વારા હમણા જ આપણે જોયાનું જણાવી શાળામાં માત્ર આઈ કયુ (ઈન્ટેલીજન્ટસ), ઉપર જ નહિં પરંતુ ઈકયુ (ઈમોશનલ) અને એસ કયુ (સ્પીરીચ્યુઅલ) સામાજીક શિક્ષણ પર ખાસ ધ્યાન આપવામાં આવે છે જે શાળાની વિશિષ્ટતા છે. યુકેજી થી ધો. ૧૧ સુધી કુલ ૪૦૦ વિદ્યાર્થીઓએ વિવિધ કૃતિઓમાં ભાગ લઈ પોતાની ટેલેન્ટ રજૂ કરી હતી.

એસ.એસ.સી. માં એ–વન, એ ટુ ગ્રેડવાળા વિદ્યાર્થીઓ તથા રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ મેળવેલ સિધ્ધિ વાળા બાળકોનું મહેમાનોના હસ્તે શીલ્ડ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યા હતા. સાથે શિક્ષકોના પણ સન્માન કરી તેઓની કાર્ય પ્રધ્ધતિને બિરદાવવામાં આવી હતી.શાળાના બાળકો દ્વારા ક્રીસ્મસ ડાન્સ, હેપીનેસ ડાન્સ, કલર ડાન્સ, કલીયુગ, બોલીવુડ ડાન્સ, રોબોટીક ડાન્સ, દેશ ભકિત ડાન્સ, ગરબા તથા આશા કીરણના બાળકો દ્વારા વિશિષ્ટ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

અર્ચના સેન્ટ ઝેવર્યસિ સ્કુલ નખત્રાણાના સિસ્ટર સ્મીધા થોમસ, ક્રાઈસ્ટ સ્કુલ ભુજના સિસ્ટર ડોના અગસ્ટીન, સેન્ટ એલીઝાબેથ સ્કુલ અંજારના ફાધર જુડી, સેન્ટ ઝેવિયર્સ સ્કુલ શિણાયના ફાધર જોસ, સેન્ટ ઝેવિયર્સ સ્કુલ ભચાઉના ફાધર શિજો, સેન્ટ ઝેવિયર્સ સ્કુલ આદિપુરના ફાધર જોલી, સેન્ટ ઝેવિયર્સ સ્કુલ મુન્દ્રાના ફાધર જેમ્સ, પીજીવીસીએલના સનતભાઈ જોષી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અર્ચના સ્કુલ મેનેજમેન્ટ, મેનેજર, પ્રિન્સીપાલ, સ્ટાફ ગણે કર્યું હતું. કાર્યક્રમમાં વાલીઓ, અન્ય શાળાઓના શિક્ષકો, વિવિધ સંસ્થાઓના આગેવાનો, મેજીસ્ટ્રેટ, ડોકટરો, વકીલો, શાળા પાસે રહેતા રહેવાસીઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને શુભેચ્છા પાઠવી હતી.

# 'લાપતા લેડીઝ' ઓસ્કારની રેસમાં બહાર થતાં હવે 'અનુજા' પર આશા

ભારતની ઓસ્કાર ૨૦૨૫ની બધી જ આશાઓ હવે ગુનીત મોંગાની 'અનુજા' સાથે છે, આ એક શોર્ટ ફિલ્મ છે જે ગુનીત મોંગાએ પ્રોડ્યુસ કરી છે. કિરણ રાવની 'લાપતા લેડીઝ' તો ઓસ્કારની રેસમાંથી બહાર નીકળી ગઈ છે, ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ કેટેગરીમાં ફિલ્મ આગળના રાઉન્ડમાં ન પહોંચી શકી. મંગળવારે ૯૭મા ઓસ્કાર એવોર્ડ માટે ૧૦ ફિલ્મોની યાદી જાહેર કરવામાં આવી છે.

જોકે, ભારતની ઓસ્કાર માટેની આશા હજુ પણ જીવંત છે. ગુનીત મોંગાની ફિલ્મ 'અનુજા'ને બેસ્ટ લાઈવ એકશન શોર્ટ ફિલ્મ કેટેગરી માટે આગળના રાઉન્ડ માટે પસંદ થઈ છે. આ ફિલ્મમાં કાપડ ઉદ્યોગમાં બાળ મજુરીની સમસ્યાને દર્શાવવામાં આવી છે તેમજ નાગેશ ભોંસલેએ તેમાં મુખ્ય ભુમિકા નીભાવી છે. ગુનીત મોંગાનું આ ઓસ્કારમાં ત્રીજું નોમિનેશન છે. અગાઉ તેની ફિલ્મો 'ધ એલિફન્ટ વિસ્પર્સ એન્ડ પીરિયડ' અને 'પીરિયડ – એન્ડ ઓફ સેન્ટેન્સ'ને ઓસ્કાર એવોર્ડ મળી ચૂક્યા છે. 'અનુજા' ઉપરાંત ઓસ્કારની રેસમાં અન્ય ભારતની વાર્તા 'સંતોષ' પણ હજુ રેસમાં છે. આ બ્રિટિશ ઈન્ડિયન ફિલ્મ સંધ્યા સુરીએ ડિરેક્ટ કરી છે અને તેમાં શહાના ગોસ્વામી મુખ્ય રોલમાં છે. તો હવે એ જોવાનું કે આ બેમાંથી કઈ ફિલ્મ ઓસ્કારની રેસમાં આગળ વધી શકે છે અને આમાંથી કોઈ ફિલ્મ ઓસ્કારની રેસ જીતી શકે છે કે નહીં.

# કચ્છ વાગડનું ગૌરવ વધારી ને મહારાષ્ટ્ર વિધાનસભામાં કરશે પ્રતિનિધિત્વ

## આધોઈનાં યુવાન મુંબઈ ખાતે અંધેરી ઈસ્ટના ધારાસભ્ય મુળજી કાકા વિજેતા થયા બાદ આજે મુકામે સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો

ભચાઉ તા. ૨૧

મૂળજી ભાઈ એટલે કે મુરજી કાકા મૂળ આધોઈ ના વતની અને ૩૦ વર્ષથી વધુ સમયથી મુંબઈ ખાતે વ્યવસાય માટે સેટલ થયા છે ત્યારે પોતાની જન્મભૂમિ મુકી અને મહારાષ્ટ્રના મુંબઈ ખાતે તેઓને પોતાની કર્મભૂમિ બનાવી અને સતત ૩૦થી વધુ વર્ષથી તેઓ મુંબઈ ખાતે પોતાના વ્યવસાયની સાથે સાથે સેવા કાર્ય લોક સેવાના કાર્યો સાથે જોડાયેલા હતા અને તેમણે ગત વિધાનસભામાં આમ ભાજપના કાર્યકર પરંતુ તેમને શિવસેના માંથી ટિકિટ મળી હતી અને તેઓ ૨૫,૫૦૦ થી વધુ મત ની લીડ સાથે તેઓ અંધેરી ઈસ્ટ વિધાનસભાના ધારાસભ્ય બન્યા છે તેમાં તેમને વિજય થતા માદરે વતન આધોઈ આવ્યા હતા અને ત્યાં તેમણે સ્થાનિક લોકો સમાજના અગ્રણીઓ અને આ ધોઈ લેવા પટેલ મંડળ અને આધોઈ લેવા પટેલ સમાજ દ્વારા તેમનું સન્માન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો તેમાં સ્થાનિક ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા અને ભચાઉ અને રાપર તાલુકાના તાલુકા પંચાયત જિલ્લા પંચાયત સહિતના લોક અગ્રણીઓ તેમજ સામાજિક અગ્રણીઓ અને કાર્ય કર્યો મોટી સંખ્યામાં આવી પહોંચ્યા હતા અને આ કાર્યક્રમમાં હાજરી આપી હતી અને તેમણે કચ્છ અને



ભચાઉ નું ગૌરવ બનતું કામ કર્યું હોય અને તેમણે મહારાષ્ટ્ર ખાતે એક કચ્છી ધારાસભ્ય તરીકે નું પ્રથમ નામ ધારણ કરી અને કચ્છ અને વાગળ વિસ્તાર નું ગૌરવ વધાર્યું હતું લોકોએ ભારે ઉમરકાભેર તેમને વધામણા કર્યા હતા અને સમાજ લોકો માટે વધુને વધુ સત્કાર્ય થાય તેવી અપીલો કરી હતી ત્યારે આ બાબત માટે મૂળજીભાઈએ જણાવ્યું હતું કે મારી જવાબદારીઓમાં વધારો થયો છે પરંતુ હું મારી જવાબદારીઓ વધતા ની સાથે જ લોકોના સેવા કાર્યમાં કોઈ ઉણપ નહીં આવે અને આપણા વિસ્તારના લોકો માટે હું હંમેશા માટે મારા પરિવારના તમામ લોકો સેવા કાર્ય માટે હર હંમેશ તૈયાર રહેશે અને તેમની માટે મારો હું અને મારો પરિવાર ૨૪ કલાક બંધાયેલા છીએ મારા સેવા કાર્યથી જ મને અને મારા પરિવાર પર લોકોની હમદર્દી મળી રહી છે અને તેમના થકી જ હું છેલ્લા ૨૦ વર્ષથી અલગ અલગ જગ્યાએ પ્રીત નિધિત્વ કરી ચૂક્યો છું સ્થાનિક લોકો અને મુંબઈ પ્રત્યે પણ મને મારી કર્મભૂમિ પર જે મેં લોકઉપયોગી કાર્ય કર્યા છે સેવાના કાર્યો કર્યા છે તેમાં વધુ જવાબદારી સાથે કરીશ અને હર હંમેશ આપણા લોકોને જેમ થતા કામો છે એ સંપૂર્ણપણે થતા રહેશે તેવી તેમને બાહેધરી પણ આપી હતી.



# માંડવીમાં રાહતદરે આશીર્વાદ મેડીકલ દવાનું કેન્દ્ર શરૂ થયું

જયેશ શાહ ધ્વારા માંડવી, તા.૨૧

સેવાકીય ક્ષેત્રે કાર્ય કરતી એચ. જે. ખોજા વેલ્ફેર એન્ડ એજયુકેશન ટ્રસ્ટ ધ્વારા મેડીકલ તેમજ એજયુકેશન ક્ષેત્રે વિવિધ પ્રવૃતિઓ ચાલી રહી છે તેમાં આજે દવાઓમાં ૧૦ થી ૬૦ ટકા સુધીની રાહત ભાવથી વેચાણનું કેન્દ્ર શહેરની મધ્યમાં કે.ટી.શાહ રોડ પાસેથી છાપરાશેરી મધ્યે બાબરીયા કોમ્પલેક્ષમાં આશીર્વાદ મેડીકલ ના નામથી ધારાસભ્યશ્રી અનિરૂધ્ધભાઈ દવેના હસ્તે રીબીન કાપીને શરૂ કરવામાં આવેલ. ઉપરોકત દવાના કેન્દ્રમાં લોકોની સેવામાં પોતાનો યોગદાન આપવામાં અલીરાજા ખોજા, નિહાલ ખોજા, સાહિદ ખોજા, અહેસાન ખોજા, મિતેશ મહેતા, મિત શાહ, જીનલ બગડા તેમજ અનેક શુભેચ્છકો ટ્રસ્ટના આ મહત્વના કેન્દ્રમાં પોતાનો સહયોગ આપી શહેરના વધુમાં વધુ લોકો આ સેવાનો લાભ લે તેવી અપીલ કરી હતી.


હિતેશ રૂપારેલ
મો. ૯૯૭૯૩ ૨૭૦૦૫
ગાંધીધામ-આદિપુર વિસ્તારમાં મકાન, દુકાન, ઓફિસ, પ્લોટ, ગોડાઉન લે-વેચ તથા ભાડે મેળવવા માટે સંપર્ક કરો.
ઓફિસ દુકાન નં. ૨, પ્લોટ નં. ૩૦૬, ૧૨/બી હરિકૃપા કોમ્પ્લેક્ષ, સોની સમાજવાડી સામે, ગાંધીધામ-કચ્છ.
શ્રીજી એસ્ટેટ એજન્સી

કચ્છીઓનું કચ્છ માટે પ્રગટ થતું પોતાનું દૈનિક
# વાવડ
તંત્રી : રામ કરશનદાસ ઠક્કર • કાર્યકારી તંત્રી દર્શનકુમાર આર. ઠક્કર


તમામ પ્રકારની રિવોલ્વીંગ ચેરના સમારકામ માટે ભરોસાપાત્ર સ્થળ...
એચ.આર. ફર્નિચર માર્ટ
પાંજરાપોળ શેરીની સામે વાણિયાવાડ રોડ, ભુજ-કચ્છ.
સુનિલ પરમાર મો. ૮૪૬૯૬ ૮૦૬૪૯






# રાપર શહેરની પીવાના પાણીની સમસ્યા હલ કરવા માટે વહીવટી અધિકારીઓ અને ધારાસભ્યએ નગાસર તળાવની લીધી મુલાકાત

ભુજ તા. ૨૧

રાપર શહેર ને પીવાનું પૂરું પાડતી નર્મદા કેનાલ જ્યારે બંધ હોય ત્યારે રાપરની ચાલીસ હજાર ની જનતાને પીવાનાં પાણી માટે ભારે વલખાં અને હાલાકી ભોગવવી પડે છે. રાપર નગરપાલિકા દ્વારા જે તે વખતે ઘર ની ધોરાજી સમજી પીવાના પાણીની વ્યવસ્થા માટે એક માત્ર પેયજળ સ્ટોરેજ માટે નગાસર તળાવ બનાવવા મા આવ્યું હતું અને લોકલ બોર બંધ કરી દીધા હતા ત્યારે જ્યારે પણ નર્મદા કેનાલ બંધ હોય છે ત્યારે પીવાના પાણીની રામાયણ રાપર મા શરૂ થઈ જાય છે , આ તળાવમાં પાણી ઓછી સંગ્રહ ક્ષમતા છે અને પાણી ખરાબ થઈ જવાનાં કારણે લોકોને પીવાનાં પાણી માટે મુશ્કેલી પડતી હોય છે. આ પ્રશ્નના ઉકેલ માટે નગાસર તળાવ સિવાય અન્ય વૈકલ્પિક વ્યવસ્થાની પણ વિચારણા ચાલી રહી છે, ત્યારે આજે આ નગાસર સ્ટોરેજને જ ઊંડું કરી પાણીની ક્ષમતા વધારવા, જિયો મેમરન્ડ સીટ કે જે તળાવને તળીયે કોઈ પણ કામગીરી કરવા મા આવી નથી પાણી મા ઘાસ કે એવી વનસ્પતિ, શેવાળ કે લીલ થતી હોવાથી પાણી પીવા લાયક હોતુ નથી જેના લીધે રાપર શહેર મા પથરી અને પેટ ના રોગો ની સમસ્યા વધી છે આ નગાસર તળાવ મા અવારનવાર સાફ સફાઇ કરવા ની જરુરીયાત છે , તો નગરપાલિકા દ્વારા તળાવને ઊંડું કરવાનું ટેન્ડરીંગ પણ થઇ ગયું છે ધારાસભ્ય વીરેન્દ્રાસિંહ જાડેજા પ્રાંત અધિકારી જે.આર ગોહિલ વહિવટદાર અને ઈન્ચાર્જ મામલતદાર એમ કે રાજપૂત ચીફ ઓફિસર રવાજી જાડેજા વિગેરે એનગાસર તળાવની મુલાકાત લઈ માહિતી મેળવી હતી અને રાપર શહેર ની પીવાના પાણીની સમસ્યા હલ કરવા માટે આ તળાવમાં પાણી સંગ્રહ વધુ થાય તેમજ અન્ય સ્થળે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે તથા લોકલ બોર દ્વારા નર્મદા કેનાલ બંધ હોય ત્યારે પાણી આપવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવા માટે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરી તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું જણાવ્યું હતું

# હાડ થીજાવતી ઠંડી યથાવત્ : નલિયામાં ૫.૮ ડિગ્રી તાપમાનથી લોકો ઠુંઠવાયા

## ભુજ શહેરમાં તાપમાન ૧૧.૨ ડિગ્રી નોંધાયુ

ભુજ તા. ૨૧

કચ્છમાં ગઈકાલે દિવસભર ફૂંકાયેલા સુસવાટા મારતા પવને ટાઢની તીવ્રતાને વધારી હતી. પવનની પાંખે ડંખીલા ઠારથી આખો દિવસ લોકોએ ઠંડીનો અનુભવ કર્યો હતો તો આજે પણ હાડ થીજાવતી ઠંડી યથાવત્ રહી છે. આજે નલિયામાં ૫.૮ ડિગ્રીએ ઠંડીની પકડ જળવાયેલી રહી હતી, તો ભુજમાં ન્યૂનતમ તાપમાનનો પારો ૧૧.૨ ડિગ્રીના આંકે પહોંચ્યો હતો. હવામાન વિભાગે હજુ એક દિવસ શીતલહેર જારી રહેવાની ચેતવણી જારી કરી છે. મહત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી ગગડતાં રાતની સાથે દિવસે પણ ઠંડક વર્તાઈ રહી છે.



નલિયામાં લઘુતમ પારો એક ડીગ્રી ઘટીને ૫.૮ ડિગ્રીએ પહોંચ્યો હતો. જેના લીધે લોકોને ગરમ વસ્ત્રો પહેરી રાખવાની ફરજ પડી હતી. નલિયા ઉપરાત ગરડા વિસ્તારના ગામો સહિત પશ્ચિમ કચ્છમાં ધોળા દિવસે તાપણું કરવાની લોકોને નોબત આવી હતી. જિલ્લા મથક ભુજમાં પણ હવે લઘુતમ પારો એકલ આંક ભણી આગળ ધપી રહ્યો હોય તેમ તાપમાન ગૂગડીને ૧૧.૨ ડિગ્રીએ પહોંચતાં આખો દિવસ ભુજવાસીઓએ ઠંડીનો અનુભવ કર્યો હતો. જિલ્લામાં સરેરાશ ૧૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાયો હતો. ખાસ કરીને બપોરના સમયે પવનની ઝડપ વધુ જોવા મળે છે.



# વાગડમાં ચાર દરોડામાં ૪.૦૫ લાખનો દારૂ પકડાયો

(ક્રાઈમ રીપોર્ટર) ભુજ તા. ૨૧

પૂર્વ કચ્છના વાગડ પંથકના જુદા-જુદા વિસ્તારોમાં પોલીસે દારૂ અંગેની ચાર કાર્યવાહી કરીને કુલ રૂા. ૪,૦૫,૨૯૭નો અંગ્રેજી શરાબનો જથ્થો જપ્ત કર્યો હતો. આ ચાર કાર્યવાહી દરમ્યાન ત્રણ શખ્સ ઝડપાયા હતા, જ્યારે ત્રણ હાથમાં આવ્યા નહોતા. પૂર્વ કચ્છ એલ.સી.બી.ની એક ટીમ કાનાણીવાંઢ બાજુ ગઈકાલે રાત્રે પેટ્રોલિંગમાં હતી. દરમ્યાન રાપરનો નવીન રાધુ કોળી નામનો શખ્સ ગાડીમાં દારૂ ભરી કાનાણીવાંઢ તરફ આવતો હોવાની પૂર્વ બાતમીના આધારે આ ટીમએ ત્યાં વોચ ગોઠવી હતી, દરમ્યાન કાનાણીવાંઢ તરફથી બોલેરો કાર આવતાં તેને રોકાવવા જતાં નવીન કોળીએ પોતાનું વાહન હંકારી દીધું હતું અને બાદમાં પેટા કેનાલના કાદવમાં તેનું વાહન ફસાઈ જતાં આ શખ્સ ગાડી મૂકીને અંધારામાં ઓઝલ થઈ ગયો હતો. નંબર વગરની કારને બહાર કાઢી તેમાંથી રોયલ ક્લાસિક ૧૮૦ એમએલના ૧૦૮૦ પાઉચ, કિંગફિશર બિયરના ૩૦૧ ટીન, હુન્ટર બિયરના ૪૮ ટીન એમ કુલ રૂા. ૩,૬૬,૨૪૫નો શરાબ હસ્તગત કરાવામાં આવ્યો હતો. હાથમાં ન આવેલા આ શખ્સને પકડી પાડવા આગળની કાર્યવાહી પોલીસે હાથ ધરી છે. બીજી કાર્યવાહી સામખિયાળી શાંતિનગર પ્લોટ વિસ્તારમાં કરવામાં આવી હતી. અહીં એક મકાનમાં દારૂ રાખી તેનું વેચાણ કરતા ભાવેશ બાબુલાલ સાંખોલ (મારાજ)ને પકડી પોલીસે રૂા. ૧૫,૮૬૨નો દારૂ જપ્ત કર્યો?હતો. તેને દારૂ આપી જનાર રાજસ્થાનના રામારામ ચૌધરીને પકડવા પોલીસે તપાસ હાથ ધરી છે. વધુ એક દરોડો ભચાઉના ભરૂડિયાનાં છપરીવાસમાં પાડવામાં આવ્યો હતો. અહીં દારૂ વેચતા કનુભા ભૂરૂભા સોઢા નામના શખ્સને પોલીસે પકડી પાડી રૂા. ૧૩,૧૧૦ના ૧૧૪ ક્વાર્ટરિયા જપ્ત કર્યા હતા. ખડીર પંથકમાંથી પણ પોલીસે શરાબ પકડી પાડયો હતો. આ પંથકના બાંભણકા નજીકથી શિવા રામશી કોળીને પકડી પાડી તેની પાસેથી રૂા. ૧૦,૦૮૦ના ૮૪ ક્વાર્ટરિયા તથા બાઈક જપ્ત કરવામાં આવ્યા હતા. તેને આ દારૂ હનુભા દોલુભા સોઢા આપી ગયો હોવાનું બહાર આવ્યું હતું.

# ગાંધીધામમાં કાર સળગાવી દેવાતાં પાંચ શખ્સ વિરુદ્ધ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર) ભુજ તા.૨૧

ગાંધીધામ તાલુકાના ગળપાદરમાં રહેનાર એક યુવાન તથા તેના મિત્રોનો પીછો કરી બાદમાં તેમની કાર સળગાવી દેવાતાં પાંચ શખ્સ વિરુદ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ હતી. ગળપાદરમાં રહેનાર ફરિયાદી રાહુલ વિનોદ ચૌહાણ તેના મિત્રો ઓમ સર્કલ પાસે તા. ૧૯/૧૨ના મોડીરાત્રે ગાંઠિયા ખાવા ગયા હતા જ્યાં અર્જુન ગઢવી, દિનેશ ઉર્ફે ડિક્રો, રાહુલ ડાંગર તથા રાજ ઠક્કર આવ્યા હતા. ફરિયાદી અને અર્જુનનો અગાઉ ઝઘડો થયો હોવાથી તે ગાળો આપવા લાગતાં ફરિયાદી અને તેના મિત્રો ગાડી લઈને નીકળી ગયા હતા. દરમ્યાન, આરોપીઓએ તેમનો પીછો કરતાં ત્રણેય યુવાન ગાડી ભારતનગર બાજુ લેતાં કુલદીપસિંહ ઉર્ફે મહિપતસિંહ સોઢાએ પોતાનું મોપેડ વચ્ચે રાખીને ફરિયાદીને રોકવાની કોશિષ કરી હતી. બાદમાં ફરિયાદીની કાર અન્ય વાહનમાં ભટકાઇ હતી. ફરિયાદી રાહુલનો ભાઇ ત્યાં આવી જતાં આ ત્રણેય યુવાન જઇ રહ્યા હતા ત્યારે આરોપીએ કાર સળગાવી દેવાની ધમકી આપી હતી. ફરિયાદી પોતાની અકસ્માતગ્રસ્ત કાર ત્યાં મૂકીને જતા રહેતાં તેની આ કાર સળગાવી દેવામાં આવી હતી.

# ભુજની કાર્બન ફેકટરીમાં આગ : માલ સામગ્રી બળીને ખાખ, જાનહાનિ ટળી

ભુજ તા. ૨૧

ભુજ તાલુકાના દેશલપર ગામ નજીક આવેલી કેબી એક્ટિવ નામની કાર્બન કંપનીમાં ગત રાત્રીના ૧૧.૩૦ની આસપાસ કોઈ કારણોસર આગ લાગી ઉઠી હતી. આગની જાણ થતાં જ ભુજ ફાયર વિભાગનું ફાયર ફાયટર ઘટનાસ્થળે દોડી ગયું હતું અને આગ ઉપર સતત બે કલાક સુધી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. સદભાગ્યે ઘટનામાં જાનહાની ટળી હતી, પરંતુ કંપનીમાં માલસમગ્રી બળી જતા મોટું આર્થિક નુકસાન થયું હતું.

આ અંગે કાર્બન કંપનીના આલોક જેઠી સાથે વાત કરત તેમણે કહ્યું કે, ગત મોડી રાત્રે કંપની અંદર કોઈ કારણોસર આગ લાગી ઉઠી હતી. આગ કાબુમાં આવ્યાં બાદ હવે નુકસાની અંગેનો



સર્વે હાથ ધરવામાં આવ્યો છે. ઘટનમાં કોઈને પણ ઈજા પહોંચી નથી. ફાયર વિભાગે રાત્રે જ આગને કાબુમાં લીધી હતી.

ફાયરના જણાવ્યાં મુજબ દેશલપર પાસેની કંપનીમાં કોઈ કારણોસર આગ લાગેલી. જેનો કોલ મળતા તાત્કાલિક ફાયર સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ બે કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. આ કામગીરીમાં ભુજ ફાયર સ્ટાફના ડીસીપીઓ- ભાવેશ માતંગ, મામદ જત, ફાયરમેન - પ્રતીક મકવાણા, રમેશ ગાંગલ, વાઘજી રબારી, પચાણભાઈ જોડાયા હતા.





# ખોટા ડ્રાઈવિંગ લાઈસન્સ બનાવીને વેંચનાર ઇસમને ૧૦ નકલી લાઈસન્સ સાથે પકડી પાડતી નખત્રાણા પોલીસ

(ક્રાઈમ રીપોર્ટર) ભુજ તા. ૨૧

નકલી ડ્રાઈવિંગ લાયસન્સ બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી આર્થિક ફાયદો મેળવતા નખત્રાણા તાલુકાના કોટડા (જ.)ના ભરત ખેતાલાલ મેરિયાને નખત્રાણા પોલીસે ઝડપી પાડયો હતો અને તેની પાસેથી લેપટોપ, મોબાઈલ ફોન, બનાવટી લાયસન્સ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે આપેલી માહિતી મુજબ, પૂર્વ બાતમીના આધારે હાથ ધરાયેલી કાર્યવાહીમાં કોટડામાં 'રામદેવ ઓનલાઈન પોઈન્ટ' નામની દુકાન ચલાવતા આરોપીને ઝડપી પાડયો હતો. તેની પૂછપરછ કરતાં બનાવટી લાયસન્સ બનાવી તેનું વેચાણ કરી મોટો આર્થિક ફાયદો મેળવતો હોવાની કેફિયત આપી હતી. પકડાયેલા આરોપી પાસેથી પોલીસે એક લેપટોપ, ૧૦ લાયસન્સ, છાપકામની સામગ્રી તથા એક મોબાઈલ જપ્ત કર્યા હતા અને કબજે કરાયેલા લાયસન્સ બનાવટી છે કે કેમ તેની ખરાઈ કરવા સહિતની કાયદેસરની પ્રક્રિયા આરંભી હતી. આરોપીએ આવા કેટલા લાયસન્સ ગેરકાયદે બનાવ્યા છે તથા કોને-કોને વેચ્યા છે. તે ઉપરાંત આ કૃત્યમાં તેની સાથે અન્ય કોણ સંડોવાયેલું છે તે સહિતની દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ કામગીરીમાં નખત્રાણા પોલીસ મથકના પીઆઈ એ.એમ. મકવાણાના માર્ગદર્શન હેઠળ એએસઆઈ યશવંતદાન ગઢવી, જયંતીભાઈ માજીરાણા, પોલીસ હેડ કોન્સ. ધનજી આહીર, નિકુંજદાન ગઢવી તથા પોલીસ કોન્સ. નરેન્દ્રસિંહ સોઢા, મયંક જોશી અને મોહન ગઢવી સહિતનો સ્ટાફ જોડાયો હતો.

# ખેડોઈ ગામની સીમમાં આવેલી એક વાડીમાંથી પોલીસે ત્રણ લાખનો દેશી દારૂ-આથો ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર) ભુજ તા. ૨૧

અંજાર તાલુકાના ખેડોઇ ગામની સીમમાં આવેલી એક વાડીમાંથી પોલીસે રૂા. ૩,૦૨,૦૦૦નો તૈયાર દેશી દારૂ તથા આથો પકડી પાડયો હતો, પરંતુ બે આરોપી ત્યાં હાજર મળ્યા નહોતા. અંજાર-મુંદરા માર્ગ ઉપર આજે સાંજે સ્થાનિક પોલીસ પેટ્રોલિંગમાં હતી, દરમ્યાન, મોટી ખેડોઈના મયૂરસિંહ બળવંતસિંહ જાડેજા અને કિશોરસિંહ ઉર્ફે પેપ્સી પોપટભા જાડેજા નામના શખ્સો આશાપુરા પેટ્રોલ પંપની સામે મયૂરસિંહની વાડીમાં દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ગાળતા હોવાની પૂર્વ બાતમી આ ટીમને મળી હતી, જેના આધારે પોલીસ આ વાડીએ પહોંચી હતી, જ્યાં કોઇ શખ્સો હાજર જણાયા નહોતા. વાડીમાં તપાસ કરાતાં આંબાના ઝાડ નીચે ૨૦૦-૨૦૦ની ક્ષમતાવાળા બે બેરલ પર ઘમેલાં ચડાવેલાં નજરે પડયાં હતાં, જેના નીચે ચુલા બંધ હાલતમાં હતા. તેની બાજુમાં અન્ય ચાર બેરલ પડયા હતા, જેમાં પીળાશ પડતું પ્રવાહી હતું તેમજ અન્ય છ બેરલ જમીનમાં દાટેલા જણાયા હતા તેમાં પણ પ્રવાહી હતું. રૂા. ૫૦,૦૦૦ના ૨૦૦૦ લિટર આ આથાનો ત્યાં જ નાશ કરાયો હતો. આગળ તપાસ કરાતાં ચીકુના ઝાડ નીચેથી ૬૩ કેરબા મળી આવ્યા હતા, જેમાં ૧૨૬૦ તૈયાર દેશી દારૂ મળ્યો હતો. રૂા. ૨,૫૨,૦૦૦નો આ દારૂ પોલીસે જપ્ત કર્યો હતો. લાખો-કરોડોની કિંમતનો દેશી દારૂ બનાવાય છે, પીવાય છે અને વેચાય છે ત્યારે આવી કામગીરી તમામ પોલીસ મથકોમાં હાથ ધરાય તો આ બદી કાબૂમાં આવે તેમ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



# કચ્છ પૂર્વ વન વિભાગની ભુજ ઉત્તર રેન્જ હેઠળ આવતા વન્યપ્રાણી અભયારણ્યમાં ગેરકાયદે પ્રવેશ કરતાં પાંચ શખ્સો ઝડપાયા

ભુજ તા. ૨૧

કચ્છ પૂર્વ વન વિભાગની ભુજ ઉત્તર રેન્જ હેઠળ આવતા કચ્છ રણ વન્યપ્રાણી અભયારણ્યમાં અનધિકૃત પ્રવેશ કરી મીઠાના પાળા બનાવતા પાંચ આરોપીને ૧.૨૫ કરોડના મુદ્દામાલ સાથે વન વિભાગે પકડી પાડયા હતા. કચ્છ રણ વન્યપ્રાણી અભયારણ્ય વિસ્તસારમાં અન અધિકૃત પ્રવૃત્તિને રોકવા મુખ્ય વન સંરક્ષક ડો. સંદિપકુમારની સૂચના અને નાયબ વન સંરક્ષક જી. ડી. સરવૈયાના માર્ગદર્શન હેઠળ મદદનીશ વન સંરક્ષક એસ. એ. ગઢવી, પરિક્ષેત્ર વન અધિકારી આર. ડી. ગઢવી, ખાવડાના વનપાલ તથા વનરક્ષક વાય. જી. રબારીની ટીમ દ્વારા પેટ્રોલિંગ દરમ્યાન રણ વન્યપ્રાણી અભયારણ્યના સાધારાવાંઢ વિસ્તારમાં અન અધિકૃત પ્રવેશ કરી મીઠાના પાળાની કામગીરી કરતા પાંચ શખ્સોને પકડી પાડવામાં આવ્યા હતા. પાંચ હિટાચી મશીન સાથે ઝડપાયેલી આરોપીમાં નોડે ઈમરાનભાઇ જુમાભાઇ રે. ભીડ નાકા, કમલાણી ફળિયા-ભુજ, રજનીશકુમાર ધર્મદેવ મહંતો રે. કિશનપુરી, નબીગંજ-બિહાર, જિતેન્દ્રકુમાર ગુરમીત ચંદ રે. રાયપુર, તા. ઉના-હિમાંચલ પ્રદેશ, નીરજ પ્રહલાદ સાહની રે. કલાબન, ઉત્તરપ્રદેશ તથા મોહમ્મદ અશફાક એકલખ અહેમદ રે. ભાડાસી-બિહારનો સમાવેશ થાય છે. ઝડપાયેલા શખ્સો પાસેથી ૧.૨૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ની કલમ-૨(૩૩), ૧૮, ૨૭(૧), ૨૯, ૫૦ (ખ), ૫૧, ૫૨ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરાઈ હતી.






ભારતના બંધારણના ઘડવૈયા બાબાસાહેબ આંબેડકરનું સંસદમાં અપમાન બદલ દેશના ગૃહમંત્રી અમિત શાહના રાજીનામાની માંગણી સાથે ભુજમાં કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વિરોધ કરી રહેલા કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનો ની પોલીસે અટકાયત કરી હતી.



## ભચાઉ નાં રામવાડી વિસ્તારમાં થયેલ ચોરી બાબતે સ્થાનિકો પોલીસ સ્ટેશન પહોંચ્યા

ભચાઉ નાં પોસ ગણાતાં રામવાડી વિસ્તારમાં વારમ વાર બનતાં લુંટ ચોરી જેવાં બનાવો ને અટકાવવા રામવાડી વિસ્તાર ના રહીશો મોટી સંખ્યામાં પોલીસ સ્ટેશન પહોંચી ફરીયાદ દાખલ કરાઈ હતી ચોરી નાં બનાવ નાં લુંટારાઓ સીસીટીવી કેમેરા માં કેદ થયેલ છે ભચાઉ પોલીસ સ્ટેશન દ્વારા લોકો ને બાંહેધરી આપતા જણાવ્યું કે રાત્રીના સમયે પોલીસ દ્વારા પેટ્રોલિંગ વધારીશું તેમજ લોકો પણ ઘર માં સીસીટીવી કેમેરા લગાવે અને તંત્ર ને સાથ સહકાર આપે સાથે સ્થાનિક એવાં કિશોરભાઈ રાવલ રાજેન્દ્ર ઠક્કર અલ્પેશ પ્રજાપતિ મહેશ શાહ ધનસુખભાઈ જોગી બીપીન ભણસાલી ભરત ઠક્કર શામજી દરજી કિર્તીભાઇ ઠક્કર સહિત નાં લોકો પોલીસ સ્ટેશન પહોંચી આગડ ની કાર્યવાહી હાથ ધરી હતી